Anoopam Mission

# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે
ફેબ્રુઆરી ૨૦૧૯ – વર્ષ ૩૩ – અંક ૧૧



ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા નિર્મિત
વિશ્વના સર્વ પ્રથમ અમદાવાદ સ્થિત શ્રી સ્વામિનારાયણ મંદિરના શ્રી નરનારાયણ દેવને અનંત વંદના !

## વસંતપંચમી -
## ગુરુહરિ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના
## પ્રાગટ્ય મંગલ અવસરે હૃદયનાં અનંત વંદન !



# તપોભૂમિ બ્રહ્મજ્યોતિએ આપણું મંદિર

~ ડૉ. મનોજ સોની

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી પ્રબોધિત 'શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના' એ માનવમાત્રને સુખી થવાનો શ્રેષ્ઠતમ્ અજોડ માર્ગ છે. વિરલ વિભૂતિ, ગુણાતીત સ્વરૂપ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તનનું અનુપમ કાર્ય કરી સૌને કલ્યાણના ભાગીદાર બનાવ્યાં. ઉપાસનાનાં મંદિર નિર્માણ કરી શુદ્ધ અને સનાતન વાતના પાયા પાતાળે નાખ્યા. ઉપાસના પ્રવર્તનના-મંદિરનિર્માણના એમના યુગકાર્યમાં સૌને જોડી શાસ્ત્રીજી મહારાજે સૌને અક્ષરસુખે સુખિયાં કર્યાં. તે શુદ્ધ અને સનાતન શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના દિવ્ય અને ભવ્ય મંદિરનું નિર્માણ સંતભગવંત સાહેબજી તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે કરાવી રહ્યા છે. ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુદેવ યોગીજી મહારાજના મહાકલ્યાણકારી કાર્યને છતું કરી રહ્યા છે. વસંતપંચમીના આ પાવન મંગલ અવસરે શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિ સાથે મંદિરનિર્માણમાં સેવારત સૌને અખૂટ બળ પૂરું પાડી રહ્યા છે.

ભગવાનના ધારક પ્રભુસ્વરૂપે પ્રગટ સંતભગવંત સાહેબજીની રીતે પ્રભુની પ્રસન્નતાર્થે પ્રભુનાં કાર્ય કરી રહેલા સૌ સંતો, અક્ષરમુક્તો માટે ઈ.સ. ૨૦૧૯ના બાર મહિના જીવનના શ્રેષ્ઠતમ્ સમયમાંનો એક બની રહેવાનો છે. વિશેષ તો, આપણા સમગ્ર જીવનની અધ્યાત્મયાત્રા, પ્રગતિ અને પ્રભુકૃપાએ પ્રાપ્ત આધ્યાત્મિક સ્થિતિ આ વર્ષે એક ભવ્ય દિવ્ય ચિરકાલીન મંદિર રૂપે આ ધરાતલ પર આ બાર મહિના દરમિયાન સાકાર થવાની છે, થઈ રહી છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ એ સર્વોપરી પુરુષોત્તમ નારાયણ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી રૂપે આ ધરતી પર સાકાર અને પ્રગટ થયા અને રહ્યા છે, અખંડ અને સદાકાળ રહેવાના છે એ દર્શનના સાક્ષાત્કારનું મૂર્તિમંત સ્વરૂપ એટલે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર સાકાર થઈ રહેલું આપણું મંદિર !

ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજના પ્રચંડ આધ્યાત્મિક સામર્થ્ય અને ગુરુદેવ યોગીજી મહારાજની પ્રખર સાધુતા અને નિર્દોષબુદ્ધિએ યુક્ત દાસત્વની કલ્પનાતીત પરાકાષ્ઠાનું પ્રેમલ રૂપ એટલે આપણું મંદિર !

તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર રચાઈ રહેલું આપણું મંદિર શ્રીજી મહારાજના એ શાશ્વત વરદાન 'અમે આ પૃથ્વી ઉપર સાધુરૂપે અખંડ પ્રગટ રહીશું'નું જીવંત સ્વરૂપ જેમાં સર્વ બ્રહ્મસ્વરૂપ ગુણાતીત સ્વરૂપોની કૃપાશિષના ધબકાર આપણી ચેતનાને સદૈવ પ્રભુસન્મુખ ઊર્ધ્વગામી યાત્રાએ દોરશે.

અને, સર્વાધિક વિશેષ તો, તપોભૂમિ બ્રહ્મજ્યોતિનું આપણું આ મંદિર યોગીજી મહારાજના 'ભગવા હૃદયના સાધુ'ના પરિદર્શનની શિખરસિદ્ધ જેને સાહેબદાદા અને અનુપમ મિશનના સૌ સદ્‌ગુરુ સંતો અને સાધકોનાં જીવનમાં સહજ વિલસતી આપણે છેલ્લી અડધી સદી ઉપરાંતના સમયથી જોઈ, માણી, અનુભવી રહ્યાં છીએ. યોગીબાપા પ્રત્યેના અપાર અવર્ણનીય પ્રેમ, સમર્પણ અને ભક્તિરૂપી સાહેબદાદાના જીવનને આ મંદિર કલાત્મક પાષાણમાંય ગાઈ બતાવનારું છે.

વિગતની અનેક પેઢીઓના પુણ્યપ્રતાપ તથા આશીર્વાદથી સંતો, સાધકો અને આબાલવૃદ્ધ સૌ અક્ષરમુક્તોની આપણી પેઢીના ભાગ્યોદયનું આ મંગલમય વર્ષ, જેમાં આપણને સાહેબદાદાએ આ દિવ્ય મંદિરના નિર્માણની સેવાની અલભ્ય તક સહજમાં આપી ! આ મંદિર આવનારા સમયમાં આ પેઢીના ભાવ, ભક્તિ, સમર્પણ અને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનામાં જીવંત શ્રદ્ધાની ધજા ઊંચા આભે સદા લહેરાવશે અને આવનારી અનેક પેઢીઓને પ્રેરણા આપશે. ◆



## અમદાવાદમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું વિશ્વમાં સર્વ પ્રથમ મંદિર

**પ્રાથમ્ય :**

ભારતીય સનાતન ધર્મ પરંપરા અને સામાજિક-સાંસ્કૃતિક જીવનશૈલીમાં મંદિરનું માહાત્મ્ય ઘણું અધિક છે. ભારતીય જનજીવનના દૈનિક જીવનનું મંદિર એક અભિન્ન અંગ છે.

શ્રીજી મહારાજે પોતાના ઉત્તર જીવનકાળ દરમિયાન સદ્‌ગુરુ સંત શ્રી મુક્તાનંદ સ્વામીજીની અંતરભાવનાને સ્વીકારી, અત્યંત કૃપા કરી જે વિશિષ્ટ સંકલ્પો કર્યા તેમાં મંદિરનિર્માણ એક પ્રમુખ સંકલ્પ હતો. અને એ સંકલ્પને શ્રીજી મહારાજે પોતાનાં ઐશ્વર્ય, પ્રતાપ અને કૃપાવર્ષા દ્વારા અનેક સદ્‌ગુરુ સંતો દ્વારા સાકાર કર્યો. અનેક પ્રકારની વિપરીત પરિસ્થિતિ અને સંજોગોમાં એક શ્રીજી મહારાજના વચન પ્રત્યે દૃષ્ટિ રાખી, કેવળ પ્રભુને રાજી કરવાના એકમાત્ર હેતુથી થોડાં જ વર્ષોમાં આ દિવ્ય સદ્‌ગુરુ સંતોએ ગુજરાતનાં વિવિધ નગરોમાં છ મંદિરોનાં નિર્માણ સંપન્ન કર્યાં. આ મંદિરોનાં નિર્માણની ગાથા રસિક તો છે જ; પરંતુ, તેથીય વિશેષ સદાકાળ પર્યંત આપણને પ્રેરિત અને ગૌરવાન્વિત કરનારી છે.

આવી જ પ્રેરક અને ગૌરવશાળી ગાથા ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ દ્વારા રચાયેલાં ભવ્ય મંદિરોની પણ છે. એ સમય તો ખરી કસોટીનો હતો ને શ્રીજી મહારાજ પ્રબોધિત 'શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના'ના પાયા પાતાળે દૃઢ કરવાનો હતો.

પાંચ સંતો ને આંગળીના વેઢે ગણાય તેટલા શૂરવીર નિષ્ઠાવાન હરિભક્તોના સદ્‌ભક્તિભાવ સાથે ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજે આરંભેલી એ મહાદિવ્ય આધ્યાત્મિક ઉત્થાનની ઉત્ક્રાંતિની ઉજ્જ્વળ ગાથા આજે આભ આંબતાં એ મંદિરોના શિખરની ધજા લહેરાઈ લહેરાઈને ગાઈ રહી છે; જેનાં નિર્માણ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુહરિ યોગીજી મહારાજે અત્યાધિક કપરા સંજોગોમાં કર્યાં. એ સમય એવો હતો જ્યારે ન તો મંદિર બાંધવા પાણા (પથ્થર) હતા, ન પાણા ખરીદવા નાણાં હતાં, કે ન તો આવનારા ટંકે શ્રી ઠાકોરજીને જમાડવા દાણા (અનાજ) હતા ! અને છતાં કેવળ એક શ્રી હરિકૃષ્ણ મહારાજના આશરે અપમાન, અપશબ્દો ને તિરસ્કાર કે ઘૃણા પ્રત્યે કેવળ પ્રેમભીના આશીર્વાદ ને સદ્‌ભાવ વરસાવી શાસ્ત્રીજી મહારાજે પચ્ચીસ વર્ષથી પણ ઓછા સમયમાં, અકલ્પનીય વિપદા છતાં પાંચ-પાંચ ભવ્ય, નયનરમ્ય, ગગનચુંબી મંદિરોનાં નિર્માણ કરી શ્રી અક્ષરપુરુષોત્તમના જયઘોષને દિગ્‌દિગંતમાં ગૂંજતો કર્યો.

આ અંકથી આગામી બાર અંકોમાં 'બ્રહ્મનિર્ઝર' આ મંદિરોની દિવ્ય ગાથા ગાવાનો ઉમંગ સેવે છે. ભારતની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર આપણા પ્રાણપ્યારા સાહેબદાદાની પ્રેરણા અને આશીર્વાદ-માર્ગદર્શન સાથે એક શિખરસંપન્ન ભવ્ય કલાત્મક મંદિરનું નિર્માણ પૂરજોશમાં અને ભક્તિ, ભાવ અને સેવાના જયઘોષ સાથે ચાલી રહ્યું છે ત્યારે આ ઐતિહાસિક ગાથા પ્રસ્તુત અને પ્રેરણાદાયી છે.

તો આવો, આ અંકમાં વસંતપંચમી મહાપર્વે અને શ્રી 'શિક્ષાપત્રી' જયંતીએ શ્રીજીમહારાજ તથા ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજના શ્રી ચરણોમાં અનંત સાષ્ટાંગ પ્રણામ સાથે શ્રીજી મહારાજ નિર્મિત અમદાવાદ સ્થિત ભવ્ય મંદિરની ગાથાના મહિમાને જાણીએ, ધન્યતા અનુભવીએ !

~ ડૉ. મનોજભાઈ સોની

---

**સર્વાવતારી** પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણની અનુપમ દિવ્યતાનો સંસ્પર્શ અનેકોનાં જીવનમાં સદ્‌માર્ગ પ્રેરી રહ્યો હતો અને વળી, અસંખ્ય મુમુક્ષુઓને તેમના પરબ્રહ્મપણાનો સ્વીકાર અને સાક્ષાત્કાર સહજ થયો હતો. પ્રભુના સંબંધે અને બળે ધાર્મિક નિષ્ઠાભર્યું, સદાચારી અને નિર્વ્યસની જીવન સૌનું સહજ બન્યું હતું.

તેવામાં, શ્રીજી મહારાજે સૌરાષ્ટ્રના જાળિયા ગામે બીમારી ગ્રહણ કરી. તેઓ એટલા બધા બીમાર પડી ગયા કે, પોતાની દેહલીલા સંકેલવાની વાતો કરવા લાગ્યા. એક દિવસ સત્સંગનાં મા સમાન સંત મુક્તાનંદ સ્વામીના ખોળામાં શ્રીહરિ પોતાનું માથું મૂકી આરામ કરતા હતા. 'પ્રભુની સેવા કરવા આ દેહ વપરાયો અને પ્રભુએ સામેથી સેવા અંગીકાર કરવાની કૃપા કરી...' તેવા ભાવભર્યા વિચારોનાં પૂર મુક્તાનંદ સ્વામીના મનમાં ઊભરાયાં. મુક્તાનંદ સ્વામી આ કરુણાની અનુભૂતિમાં ને પ્રભુમાહાત્મ્યમાં સંપૂર્ણ ગરકાવ બની ગયા અને તેવામાં તેઓની આંખોમાંથી અશ્રુઓ સરવાં લાગ્યાં. અશ્રુનાં કેટલાંક બુંદ શ્રીજી મહારાજના ગાલે પડ્યાં. આંસુની ગરમાશને લીધે પ્રભુ જાગી ગયા અને મુક્તાનંદ સ્વામીને કારણ પૂછવા લાગ્યા.

ત્યારે સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને પ્રાર્થના કરી કે, 'હે કરુણાસાગર ! તમે પૂર્ણ પુરુષોત્તમ નારાયણ પ્રથમ વખત આ પૃથ્વી ઉપર જન્મ ધરીને આવ્યા છો એવો અમને નિશ્ચય થયો છે. આપે અસંખ્ય પામર, પતિત જીવોનો ઉદ્ધાર કર્યો છે. આપના દિવ્ય સંબંધને પામનારની મોક્ષગતિ નિશ્ચિત બની છે અને આપ આમ જ આ દેહ મૂકીને ધામમાં જતા રહેશો ? આપે અમને તો ઉપદેશ આપ્યો, પરંતુ આગામી સત્સંગસમાજ અને ભક્તો માટે તો કશી જ વ્યવસ્થા કરી નથી. સામાન્ય બાવો પણ પોતાનો મઠ બાંધીને જાય અને આપે તો દેરું સુદ્ધાં નથી કર્યું. આપના આ કલ્યાણકારી અવતરણની અનુભૂતિ આવનારા સમયમાં કોઈને કેવી રીતે થશે, દયાળુ ?'

મુક્તાનંદ સ્વામીની વાત સાંભળી, તેમની ચિંતાને સમજી શ્રીજી મહારાજે તત્કાલ પોતાની બીમારીની લીલા સંકેલી અને અનંત ભક્તોનાં કલ્યાણ માટે સંકલ્પ કર્યો કે, 'મોટાં શિખરબદ્ધ મંદિરો કરવાં, સંપ્રદાયની સાચવણી માટે આચાર્યો સ્થાપવા, સંપ્રદાયની પુષ્ટિ માટે સત્શાસ્ત્રો રચવાં અને એકાંતિક ગુણાતીત સંત દ્વારા સદાય પ્રગટ રહી આત્યંતિક કલ્યાણનો મોક્ષમાર્ગ આ બ્રહ્માંડમાં સદાય ખુલ્લો રાખવો.'

સદ્ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી અનાદિ મૂળ અક્ષરબ્રહ્મનો અવતાર છે અને તેઓ દ્વારા સત્સંગમાં પ્રગટ રહેવાના, મોક્ષમાર્ગની ધારા અખંડ રાખવાનાં વરદાન આપી ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાની હયાતીમાં જ પંચવર્તમાનને દઢતાથી પાળે તેવા ૩૦૦૦ સંતો અને પાર્ષદો બનાવ્યા. જેમાંથી ૫૦૦ સંતોને તો કારિયાણીમાં એક જ દિવસમાં પરમહંસની વિશિષ્ટ દીક્ષા આપી તેઓ થકી એકાંતિક ધર્મનું પ્રવર્તન વહેતું રાખ્યું. કાઠી, કણબી, કોળી, મોચી, સઈ, સુથાર આદિ ઘણી પછાત કોમના ભક્તોને બ્રાહ્મણો જેવું શુદ્ધ અને પવિત્ર જીવન જીવતા કર્યા. બહારવટિયા, ડાકુ, ભૂવા, તાંત્રિક, અહંકારી, લોભી, પાખંડીઓનાં અજ્ઞાન અને અહંકારને દૂર કરી સદાચારનો માર્ગ બતાવી ભગવાન ભજતા કર્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ચોરી, હિંસા, પરસ્ત્રીગમન, દારૂ, બીડી, માંસ વગેરે અનિષ્ટ તત્ત્વોને છોડાવી લાખો લોકોનાં જીવનનાં ઘડતર કીધાં. બાળકીને દૂધપીતી કરી મારી નાખવી, સ્ત્રીએ પોતાના મૃત પતિની પાછળ સતી થઈ જવાના અધર્મી રિવાજને બંધ કરાવી સ્ત્રીઉત્કર્ષનાં કાર્યો કર્યાં; જેનો બહોળો પ્રભાવ તે સમયના પ્રતિષ્ઠિત નાગરિકો અને ચર્ચના પાદરીઓ સહિત અંગ્રેજ સરકાર પર પણ પડ્યો. દુષ્કાળના સમયે સદાવ્રત શરૂ કરાવ્યાં અને ગામડે ગામડે પાણીની વાવ, કૂવા, તળાવો પણ ખોદાવ્યાં. હિંસક યજ્ઞો કરતા લોકોને સમજાવી અહિંસક યજ્ઞોની શરૂઆત કરાવી. તેમજ દોરા, ધાગા, યંત્ર, ક્રિયાકાંડો, જાદુટોણાના આશરે ચઢેલી પ્રજાનાં અંધશ્રદ્ધાનાં અંધારાં ઉલેચી ભગવાન શ્રી સ્વામિનારાયણે તેમને પૂજા-પાઠ, સનાતન ધર્મ, મહિમાભરી સેવા અને દાસત્વેયુક્ત ભક્તિનો માર્ગ બતાવી તેમની ઉન્નતિ કરી.

જીવનલીલાના છેલ્લા દાયકામાં જ તેમણે 'વચનામૃત', 'શિક્ષાપત્રી', 'ભક્ત ચિંતામણિ', 'સત્સંગી જીવન' આદિ જેવાં અનેક સત્શાસ્ત્રોની રચના કરી અને કરાવી.

શ્રીજી મહારાજના બધા જ સંકલ્પો સાકાર થયા, જેમાં સંતો, ભક્તો સૌએ ખૂબ સેવાઓ કરી. તેમાંય મંદિર-નિર્માણનો તેમનો સંકલ્પ સાકાર થવો શરૂ થયો અમદાવાદના મંદિરથી.

અત્યારનું 'અમદાવાદ' શહેર ત્યારે 'શ્રીપુર' કે 'શ્રીનગર' તરીકે પણ પ્રસિદ્ધ હતું. અમદાવાદમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું વિશ્વમાં સર્વ પ્રથમ મંદિર શ્રીહરિએ સ્વયં બંધાવ્યું અને તેમાં શ્રી નરનારાયણ દેવની મૂર્તિઓ પધરાવીને પ્રતિષ્ઠિત કરી.

પરંતુ, આ સઘળું થવું એ કંઈ સહેલું નહોતું. અમદાવાદમાં મંદિર નિર્માણનાં પગરણ જેતલપુરના અહિંસક યજ્ઞ બાદ મંડાયાં. શ્રીજી મહારાજ અને તેમના સંતોનું શુદ્ધ, પવિત્ર અને અહિંસક આચરણ કેટલાક દંભી અને પાખંડી બ્રાહ્મણો, પંડિતોને પચતું નહિ. આ વામમાર્ગી બ્રાહ્મણોએ તો જેતલપુરના યજ્ઞમાં પણ ખૂબ વિઘ્નો ઊભાં કર્યાં હતાં. લાડવા તળાવમાં નાખી દીધા, ઘી ઢોળી દીધું અને સ્વામિનારાયણ ભગવાનનું ખોટું દેખાય એવા તમામ પ્રયત્નો કર્યા. યજ્ઞ કેમે કરીને સફળ રીતે પૂર્ણ ન થાય તેનાં કાવતરાં કર્યાં, પણ ભગવાનનાં કાર્યને કોણ રોકી શકે?! યજ્ઞ સરસ રીતે પાર પડ્યો, ચારેય દિશાઓમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનો જયજયકાર થયો. વામમાર્ગી બ્રાહ્મણો અને તેમના વડા લોલંગર બાવાને આ રુચ્યું નહિ.

તે સમયમાં અમદાવાદમાં મરાઠા શાસન હતું. અમદાવાદનો પેશ્વાઈ સૂબો વિઠ્ઠલરાવ બાલાજી એ લોલંગર બાવાનો શિષ્ય હતો. તેથી આ સંબંધે લોલંગર બાવાએ અને વામમાર્ગી બ્રાહ્મણોએ તેની કાનભંભેરણી કરીને ઉશ્કેર્યો કે, 'સ્વામિનારાયણ ભગવાન યજ્ઞમાં પશુબલિનો હોમ કરતા નથી, વેદ પ્રણાલી વિરુદ્ધ યજ્ઞ કરે છે અને શાસ્ત્રની મર્યાદાનો ભંગ કરે છે. તમારા રાજમાં આવું થશે તો તમને મહાઅનર્થ થશે.' એટલે સૂબાએ કહ્યું કે, 'તમે કોઈ ચિંતા કરતા નહીં. હું સ્વામિનારાયણને પકડી તેમનું કાસળ કાઢી નાખીશ. આપણા રાજ્યમાં આવો અધર્મ ચાલે જ નહિ.' ત્યારબાદ સૂબાએ કાવતરું ઘડ્યું. 'સ્વામિનારાયણ ભગવાને જેતલપુરમાં અદ્ભુત કાર્ય કર્યું તેથી તેમનું સન્માન કરવું છે' એમ અમલદારો પાસે કહેવડાવી શ્રીજી મહારાજને ભદ્રના કિલ્લામાં પધારવા આમંત્રણ આપ્યું. મુખ્ય ભવનમાં તેલનો ટાંકો હતો તે ઉપરથી ખબર ન પડે તેવી રીતે સુશોભિત કરી યુક્તિપૂર્વક શ્રીજીમહારાજને બિરાજવા વિશિષ્ટ આસન તૈયાર કરાવ્યું. સૂબાનો મનસૂબો મહારાજનો સત્કાર કરવાનો નહિ, પણ વિરોધ કરવાનો છે તેવો ભાવ મુક્તાનંદ સ્વામીને થયા કરતો હતો, કારણ કે, સૂબાએ પૂર્વે જે ત્રાસ પૂર્વે ગુજાર્યો હતો તેનાથી તેઓ પરિચિત હતા. તેથી, સ્વામીએ મહારાજને કિલ્લે ન જવા વિનંતી કરી. ત્યારે પ્રભુ બોલ્યા કે, 'સમગ્ર બ્રહ્માંડનાં નાડી-પ્રાણ અમારા હાથમાં છે તો આ સૂબાની શી વિસાત!'

પ્રભુ કિલ્લામાં પધાર્યા. સૂબાની સૂચનાથી તેમની સાથે કોઈને અંદર પ્રવેશવા ન દીધા, પણ શ્રીહરિ સાથેના દંડી સંન્યાસી દેવાનંદજી તો ધક્કો મારી અંદર ગયા ને પ્રભુ સાથે જ રહ્યા. શ્રીજી મહારાજ પણ સૂબાની યુક્તિ જાણતા હતા એટલે જ્યારે સૂબાએ આસન પર બિરાજવા આગ્રહ કર્યો ત્યારે પ્રભુએ પોતાની હાથમાં પકડેલી લાકડી દ્વારા આસનની ગાદીનો ખૂણો દબાવ્યો ને તેની સાથે જ આખું આસન નીચે તેલના ટાંકામાં પડ્યું. એમ સૂબાનું કાવતરું ખુલ્લું પડ્યું. સૂબાના હાથ હેઠા પડ્યા. આ તે સહન કરી શક્યો નહિ અને જેમ-તેમ બોલવા લાગ્યો. આવેગમાં આવી સૂબાએ ફરમાન કર્યું કે, 'અમારું રાજ્ય

હોય ત્યાં સુધી તમારા માટે શ્રીપુર શહેરના દરવાજા બંધ ! હમણાં ને હમણાં જ ઇંડરિયા દરવાજેથી તમે શહેરની બહાર નીકળી જાઓ !'

મહારાજે બહાર આવી સૌ સંતો-ભક્તોને સમાચાર આપ્યા અને સૌ શાંતિથી કિલ્લાની અને પછી શહેરની બહાર નીકળી ગયા. કોઈ સંતે પ્રભુને પૂછ્યું કે, 'હવે આપણે અમદાવાદમાં ક્યારે આવીશું ?' ત્યારે શ્રીહરિએ કહ્યું કે, 'આવો સમય કાયમ રહેવાનો નથી. અહીં સાનુકૂળ સંજોગો સર્જાશે.' શ્રીજી મહારાજનું અપમાન કરનાર સૂબો તો તે જ વર્ષે રોગને પામ્યો. વળી, આંતરિક પ્રશ્નોને લીધે શ્રીપુરમાં સૂબાની સત્તાનો અંત આવ્યો અને અંગ્રેજોની સત્તા આવી.

સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિતો કોઈ ગુના નહોતા કરતા તેમજ વ્યસનો અને અન્ય દૂષણોથી દૂર રહેતા તેથી અંગ્રેજ સરકારને થયું કે, સ્વામિનારાયણ ભગવાનને અમદાવાદ તેડવા. તેમનો સત્સંગ હશે તો અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થા સારી જળવાશે. અંગ્રેજ અમલદાર મિ. એરણને પ્રભુ સાથે પૂર્વ સંબંધ હતો અને તત્કાલીન અધિકારી મિ. ડનલોપે આદરપૂર્વક શ્રીજી મહારાજને અમદાવાદ પધારવા નોતરું મોકલ્યું.

અગિયાર વર્ષના વિયોગ બાદ પ્રભુ અમદાવાદ પરત પધાર્યા. અંગ્રેજોએ ભગવાન શ્રી સ્વામિનારાયણનું ભવ્ય સ્વાગત કર્યું, શ્રીહરિનો સમાગમ કર્યો. પ્રભુએ તેમને નીતિ આચરવા ઉપદેશ કર્યો અને કહ્યું કે, 'તમે અનીતિ આચરશો તો તમારા રાજ્યનો અંત આવશે. સારા કાર્યમાં ભગવાન અને સંતના આશીર્વાદ હોય જ ! નીતિ અને ધર્મ પ્રવર્તે એ જરૂરી છે.' પ્રભુની વાતો સાંભળી તેઓ રાજી થયા અને તેઓએ કહ્યું કે, 'અમારા કાર્યને આપના આશીર્વાદ મળ્યા ને અમે ધન્ય થયા. હવે આપ વારંવાર અહીં પધારો અને અહીં જ આપનું મોટું સ્થાન કરો.' ત્યારબાદ પ્રભુએ અમદાવાદમાં મંદિર કરવાનો સંકલ્પ કર્યો. કાલુપુરની ખૂબ વિશાળ જગ્યા, જે-તે વખતે પાઠકવાડીના નામે પ્રચલિત હતી, તે અંગ્રેજ અમલદાર મિ. ડનલોપે સૂર્ય-ચંદ્ર રહે ત્યાં સુધી તામ્રપત્ર પર લખીને અર્પણ કરી. એટલું જ નહિ, બ્રિટન મોકલી તેની પર સહીસિક્કા પણ કરાવી આપ્યા.

મંદિર માટે જમીન મળી એટલે સ્વામિનારાયણ ભગવાને ત્યાં મંદિર બનાવવાના કાર્યને દિશા આપી. શ્રી સ્વામિનારાયણ ભગવાનના વખતથી સ્વામિનારાયણ સંપ્રદાયની વિશેષતા એ રહી છે કે, કોઈ પણ કાર્ય પૂર્ણ પ્લાનિંગ સાથે જ પાર પાડવું. સ્વામિનારાયણ ભગવાને એ સમયના સ્થપતિ અને સત્સંગી એવા ભુજના નારણજીભાઈ સુથાર પાસે ત્રણ શિખરના ભવ્ય મંદિરની આકૃતિ તૈયાર કરાવી. અને તેના નિર્માણકાર્યની જવાબદારી સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામીને સોંપી.

આનંદાનંદ સ્વામીએ મંદિરની આકૃતિ જોતાં કહ્યું કે, 'મહારાજ! આવું મંદિર તૈયાર કરવા માટે તો ખૂબ ખૂબ નાણાં જોઈશે, એ વગર શક્ય નથી તેથી નાનું મંદિર બનાવીએ ?' મહારાજે પરભાવમાં આવીને કહ્યું, 'ના ! મંદિર તો આવું ભવ્ય જ બનાવવું છે.' મહારાજે ત્યાં ને ત્યાં સભામાં જે ભક્તો બિરાજમાન હતા તેમની સમક્ષ આ વાત મૂકી કે, 'આપણે અમદાવાદમાં આવું મંદિર બાંધવું છે.' એમ કહી ખરડો કર્યો. સભામાં બેઠલા ભક્તોએ અત્યંત રાજી થકા સમર્પણભાવ દર્શાવ્યો અને એ જમાનામાં આઠ હજાર રૂપિયા ભેગા કરી આપ્યા.

મહારાજે એ આનંદાનંદ સ્વામીને આપ્યા ને કહ્યું કે, 'જાવ ! હવે મંદિર શરૂ કરો અને હજી પણ જો તમને પૈસાની જરૂર પડે તો કહેજો, તો અમે વ્યવસ્થા કરી આપીશું.' એ વખતે મહારાજે ચાર કે પાંચ સત્સંગીનાં નામ પણ આપ્યાં ને કહ્યું કે, 'જો જરૂર પડશે તો આ સત્સંગીઓ પાસેથી જ નાણાંની વ્યવસ્થા થઈ જશે.' સંવત ૧૮૭૭નું એ વર્ષ હતું. આનંદાનંદ સ્વામી મહારાજની આજ્ઞા માથે ચઢાવી અમદાવાદ આવ્યા અને મંદિરનું નિર્માણ કાર્ય હાથ પર ધર્યું.

એક જ વર્ષના ટૂંકા ગાળામાં ભવ્ય મંદિર તૈયાર થયું. મૂર્તિપ્રતિષ્ઠા વેળા કાંકરિયા તળાવથી છેક કાલુપુરના મંદિર સુધી એક ભવ્ય નગરયાત્રા કાઢવામાં આવી. બ્રાહ્મણોની ચોરાશી પણ કરવામાં આવી. વિક્રમ સંવત ૧૮૭૮, ફાગણ સુદી ત્રીજ, ઈ.સ. ૧૮૨૨ની ૨૪ મેના રોજ અમદાવાદમાં શ્રીજી મહારાજે શ્રી નરનારાયણ દેવની મૂર્તિઓ પધરાવી સ્વહસ્તે તેની પ્રાણપ્રતિષ્ઠા કરી.

શાસ્ત્રોએ શ્રી નરનારાયણ દેવને ભરતખંડના રાજા કહ્યા છે. ભારતભૂમિમાં સાધના અને ભક્તિ કરતા ભક્તોની ભક્તિની અભિવૃદ્ધિ માટે શ્રી નરનારાયણ દેવ બદરિકાશ્રમમાં રહી ખૂબ કઠિન તપ કરે છે. વેદવ્યાસ મુનિએ 'શ્રીમદ્‌ ભાગવત'માં શ્રી નરનારાયણ દેવનો ખૂબ જ મહિમા ગાયો છે. તેથી જ પ્રભુએ શ્રી નરનારાયણ દેવ પધરાવ્યા અને વળી, ભવ્યતાની સાથે ઉત્તર કાલમાં થયેલ આ મંદિરની હવેલીમાં કાષ્ઠ કોતરણી, કળા-કારીગરીનો ઉત્કૃષ્ટ સમન્વય થયો છે.

શ્રીજી મહારાજનો મંદિર નિર્માણ કરવાનો સંકલ્પ સામાન્ય ન હતો કે પોતાની મહત્તા દેખાડવાનો ન હતો. એ તો કેવળ ભગવાનના ભક્તના કલ્યાણ અર્થે હતો. મોક્ષમાર્ગમાં ઉપાસનાનું મહત્ત્વ સવિશેષ છે. ગઢડા મધ્ય-૨૭મા 'વચનામૃત'માં પ્રભુએ સ્વયં કહ્યું છે કે, *'અમે વિચારીને જોયું જે, અતિશય ત્યાગ રાખે અથવા દયા રાખે તેથી ભગવાનની ભક્તિ થાય નહિ; ત્યારે ઉપાસનાનો ભંગ થાય છે અને પૂર્વે જે જે અતિશય ત્યાગી થયા છે તેના માર્ગમાં ઉપાસનાનો નાશ થઈ ગયો છે. માટે અમે એમ વિચારીને પરમેશ્વરની ઉપાસના રહેવા સારુ ત્યાગનો પક્ષ મોળો કરીને ભગવાનનાં મંદિર કરાવ્યાં છે. તેમાં જો થોડો ત્યાગ રહેશે તો પણ ઉપાસના રહેશે, તો તેણે કરીને ઘણાક જીવનાં કલ્યાણ થશે.'*

અમદાવાદનું મંદિર પ્રભુના આ આશીર્વચનનું પ્રથમ સાકાર સ્વરૂપ છે. આ જ ઉપાસનાનાં મંદિરો સર્વ ગુણાતીત સ્વરૂપો અને સંતભગવંત સાહેબજી પણ કરાવી રહ્યાં છે. ત્યારે વિશ્વના સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રથમ મંદિરના શ્રી નરનારાયણ દેવને બ્રહ્મજ્યોતિમાં મંદિરનિર્માણ વર્ષે અનંત વંદના ! ◆



### સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર પોષીપૂનમ પાટોત્સવ સભા તથા મુખ્ય ઉત્સવસભામાં સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન, ૨૧ જાન્યુઆરી ૨૦૧૯**

**આત્માના** કલ્યાણની ઝંખના કરતા, સાધના કરતા, અભીપ્સા કરતા સર્વ શ્રેયાર્થી સાધકો, છતી દેહે અક્ષરધામનાં સુખ, શાંતિ ને આનંદ ભોગવવાની સાધના કરતા સર્વ સંતો, ભક્તો માટે આજે ખરેખર ખૂબ આનંદનો દિવસ !

પોષીપૂનમ – જે દિવસે સ્વામિનારાયણ ભગવાને મૂળજી શર્મા ભાદરાના એ બ્રાહ્મણને એમણે ડભાણ ગામે દીક્ષિત કરી 'નિર્ગુણાનંદ સ્વામી' નામ આપ્યું. અદ્ભુત યજ્ઞ કર્યો. 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવો યજ્ઞ ત્યારે થયેલો. સ્વામિનારાયણ ભગવાન જેતલપુરમાં બિરાજમાન હતા. ત્યારે લાખો માણસ આવવાનાં હતાં એટલે કેટલો બધો લોટ જોઈએ ? કેટલું બધું અનાજ જોઈએ ? એટલે સ્વામિનારાયણ ભગવાન આશીર્વાદ આપતા બોલ્યા કે, 'એક મણ ઘઉં દળે એનું આપણે કલ્યાણ કરવું છે.'

અમદાવાદ જતાં વચ્ચે રસ્તામાં જેતલપુર ગામ આવે છે. તળાવ ઉપર એક મહેલ છે એમાં ગણિકા–નાચગાન કરનારી રહેતી હતી એણે આ વાત સાંભળી. તે વિચારમાં પડી ગઈ ! એણે તો બધા કાર્યક્રમો બંધ કરી, એક મણ નહિ પણ એક આખી ગુણ ઘઉં પોતાની જાતે ઘંટીથી રાતોની રાતો જાગીને દળ્યા.

પેલી ગણિકાએ એની જિંદગીમાં કોઈ દિવસ દળણું દળેલું નહીં, રસોઈ બનાવેલી નહીં, હાર્ડવર્ક કરેલું નહીં. એ દીકરી ખભે થેલો લઈને સભામાં આવી ને જે ઘઉં દળ્યા હતા તેનો થેલો મૂક્યો. ગામવાળાં બધાં એને જાણે–ઓળખે કે આ ગણિકા છે. એ જેવી સભામંડપમાં દાખલ થઈ એવી બધાંની આંખો ચાર થઈ ગઈ. 'આ અહીં ક્યાંથી આવી ?' 'કાઢો એને અહીંથી કાઢો !' ફટાફટ બધાએ કૉમેન્ટ કરવા માંડી. મહારાજ કહે, 'શાંત થાવ, શાંત થાવ!' કેવા દયાળુ! કૃપાળુ!

યોગીજી મહારાજ છે, આ પ્રગટ સંત સ્વરૂપો છે એ આપણા જેવા જ લાગે છે, પણ આપણામાં ને એમનામાં ફરક ક્યાં પડ્યો ? દૃષ્ટિમાં. આપણે બાહ્ય એમની ક્રિયા જોઈએ છીએ અને આપણી બુદ્ધિથી એનું મૂલ્યાંકન કરીએ છીએ, એટલે આપણે ભૂલથાપ ખાઈ જઈએ છીએ. જગતની જે બારાખડીઓ, જગતનાં જે કૅલ્ક્યુલેશન્સ, બૌદ્ધિક લેવલ સુધીનાં જે બધાં માપ તે સ્પિરિચ્યુઅલ સાયન્સમાં કામ નથી કરતાં, યાદ રાખો.

તમારી પાસે બે–બે હજારની નોટોનો લાખ રૂપિયાનો થેલો ભરીને અમેરિકા જાવ તો ત્યાં કામ લાગે ? ત્યાં કોઈને આપો તો કહે, 'આ કાગળિયાં શું કામ લાવ્યા ?' આપણે કહીએ કે, 'આ કાગળિયાં નથી. અમારા માટે તો પરસેવો પાડી પાડીને ભેગું કરેલું ધન છે.' પણ ત્યાં રૂપિયા ચલણમાં નથી એટલે ત્યાં તે ના ચાલે. એમ, અક્ષરધામના કાર્યક્રમોમાં આ બધું છે જ નહીં, પણ આપણે એમાં કુટાઈએ છીએ.

એ નાચ–ગાન કરનારી છે, આનંદપ્રમોદ કરાવનારી છે, આવી છે–તેવી છે, એ અહીંયાં શોભે નહીં; એ સાત્ત્વિકભાવ છે. જ્યારે અક્ષરધામનું જીવન રાજસિક, તામસિક અને સાત્ત્વિક ભાવથી પરનું છે, એમાં કોઈ કૅલ્ક્યુલેશન આવતું જ નથી કારણ આત્મદર્શી છે. એટલે મહારાજે કહ્યું, 'શાંત થાવ, એને આવવા દો. આ બાજુ સંતો હતા એટલે દૂર ઊભી હતી, પણ તે એક ગુણ ઘઉં દળીને લાવી છે.' એટલે ફરી પાછી કૉમેન્ટો શરૂ થઈ ગઈ. ના બોલતા હોય તેમની બુદ્ધિમાં પણ આવાં કૅલ્યુલેશન થતાં હોય છે. મહારાજને થયું કે, આ બધાની શંકાનું સમાધાન થાય તો સારું, એટલે એ દીકરીએ પોતાના હાથ બતાવ્યા. દળણું દળતાં દળતાં હાથમાં ફોલ્લા પડી ગયેલા. હાથે પાટા બાંધી બાંધીને તેણે ઘઉં દળ્યા હતા. આ જોઈને બધા શાંત થઈ ગયા.

મહારાજ બોલ્યા, 'કલ્યાણનો જેટલો અધિકાર મુક્તાનંદ સ્વામીને છે એટલો જ અધિકાર આ બાઈનો છે.' મુક્તાનંદ સ્વામી એટલે રામાનંદ સ્વામીએ જેમને દીક્ષિત કરેલા. સ્વામિનારાયણ ભગવાન નીલકંઠવર્ણી રૂપે જ્યારે લોજ પધાર્યા ત્યારે તેમની આજ્ઞામાં દસ મહિના લોજમાં રહ્યા હતા. ત્યારે રામાનંદ સ્વામી કચ્છમાં હતા. નીલકંઠવર્ણીએ તેમને કાગળમાં લખ્યું કે, 'તમારાં દર્શનની તાણ છે', મયારામ ભટ્ટ તેમનો કાગળ લઈને ગયા ને પાછા રામાનંદ સ્વામીનો કાગળ લઈને આવ્યા. રામાનંદ સ્વામીએ લખ્યું કે, 'અમે આવીએ ત્યાં સુધી તમે મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં સેવામાં રોકાજો.' તેથી દસ મહિના સ્વામિનારાયણ ભગવાન મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહ્યા. મુક્તાનંદ સ્વામી એટલા બધા તેજસ્વી, એટલા બધા પ્રભાવશાળી, એટલી બધી આકર્ષક મૂર્તિ અને શીઘ્ર કવિ હતા ! તપસ્વી, નિયમ–ધર્મમાં એક્કા અને

અદ્ભુત સાધુ હતા ! કેટલી તપશ્ચર્યા કરેલી મુક્તાનંદ સ્વામીએ ! પણ જ્યારે મહારાજ બોલ્યા કે, 'કલ્યાણનો જેટલો અધિકાર મુક્તાનંદ સ્વામીને છે એટલો જ અધિકાર આ બાઈનો છે.' ત્યારે બધાં ટાઢાં પડી ગયાં. કારણ, દીક્ષા માટે જે યજ્ઞ થઈ રહ્યો હતો, જે કાર્યક્રમ થઈ રહ્યો હતો એ એટલો અદ્ભુત ને મહાન હતો, તેનું મહત્ત્વ કોઈને ખબર નહોતું. જેમ બીજા બધા સાધુઓને દીક્ષા આપે છે એમ આમને પણ દીક્ષા અપાઈ રહી છે એમ બધાને હતું. પણ મહારાજને તો ખબર હતી ને ! વાનરમાંથી માનવ બન્યો ત્યાર પછી જે સુખની શોધમાં તે નીકળ્યો છે એ સુખની પ્રાપ્તિ હવે થશે એવો આ દિવસ છે એવી મહારાજને ખબર હતી. હઠ, માન, ઈર્ષ્યાના ભાવ, કામ-ક્રોધાદિક દોષ, અહંતા, મમતા, રાજસિક, તામસિક, સાત્ત્વિક ભાવથી પરનું જે જીવન, જેને ગુણાતીત અવસ્થા કહે છે ! જે અશક્ય છે, કોઈ સાધનાથી શક્ય જ નથી. તે હવે શક્ય થવા જઈ રહ્યું છે.

યુસૈન બોલ્ટ ચાર વખત ઑલમ્પિક જીત્યો. 'ફાસ્ટેસ્ટ મૅન ઑન અર્થ' કહેવાય. ૯.૫૮ સૅકન્ડમાં એ ૧૦૦ મીટર દોડ્યો. એટલી સ્પીડે જો કૅલ્ક્યુલેશન કરીએ તો કલાકે ૩૬-૩૭ કિલોમીટર દોડ્યો. હવે એવા માણસને ૬૦૦ માઈલની સ્પીડે જો દોડાવો તો શું થાય ? વિચાર કરો ! એને ગમે એટલા પંપ મારો, ગમે એટલી પ્રૅક્ટિસ કરાવો, ગમે એટલું ખવડાવો તોપણ તે આ સ્પીડે દોડવા જાય તો મરી જાય. ફેફસાં ફાટી જાય, હૃદય બંધ થઈ જાય. આ માનવદેહની કૅપેસિટી જ નથી કે, એટલી સ્પીડમાં દોડી શકે. કોઈ પણ માણસથી ૬૦૦ માઈલની સ્પીડે દોડાય જ નહીં, માણસની મર્યાદા છે. એમ સાધકની સાધનાની મર્યાદા છે કે, ગુણાતીતભાવને પામી જ ના શકો. અશક્ય – ઈમ્પૉસિબલ ! એ વસ્તુ આ ધરતી ઉપર સાકાર થઈ રહી હતી એનો એ દિવસ હતો, એની અગત્ય મહારાજને હતી. ૬૦૦ માઈલની સ્પીડે માણસે દોડવું હોય તો ઍરોપ્લેનની ટિકિટ લઈને બેસી જાવ તો ૬૦૦ માઈલ થયા કે નહીં ? પ્લેનમાં બેસી જાવ તો સૂતાં સૂતાં, ખાતાં ખાતાં જવાય. એમ આપણને સુખે સુખે આનંદથી અક્ષરધામમાં લઈ જવા માટેનું પ્લેન મહારાજ તૈયાર કરી રહ્યા હતા એનો એ દિવસ હતો.

સાકાર બ્રહ્મ, મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી – મૂળજી શર્માને દીક્ષા અપાતી હતી. એ દીક્ષાના યજ્ઞ માટે જે બધા ભક્તો આવશે, જે બધા સંતો આવશે તેઓ જમશે, એમની સેવા થશે તો એ કેટલું મોટું પુણ્ય કમાઈ જશે ! આ મંદિર થઈ રહ્યાં છે તેમાં જે સેવા કરશે એ કેટલું મોટું પુણ્ય કમાઈ જશે ! સામાન્ય નથી, અને એની સ્વામિનારાયણ ભગવાને અગત્ય હતી. એટલે યજ્ઞમાં સેવા કરનારાને તેઓએ ખૂબ આશીર્વાદ આપ્યા.

ઘણાં ડંબેલ્સ જેવાં પણ હોય છે. મહારાજને ખૂબ ઉત્સાહ હતો, ખૂબ ઉમંગ હતો, તેથી બ્રાહ્મણોને થયું કે, અત્યારે સ્વિચ દબાવવા જેવી છે, એટલે એમણે દક્ષિણાનો એક પૈસો વધારી દીધો. રાત્રે કારભારીને કહે, 'બે દિવસ પછી યજ્ઞ છે તો અમારી દક્ષિણાનો ભાવ વધારી દો, નહીં તો અમે યજ્ઞ નહીં કરીએ.' ત્યારે કારભારી કહે, 'અમારે હવે આટલા બધા બ્રાહ્મણોને લાવવા ક્યાંથી ?' કેટલો મોટો યજ્ઞ ! ૧૦૦-૨૦૦-૫૦૦ બ્રાહ્મણો લાવ્યા હતા. ત્યારે બ્રાહ્મણો કહે, 'ના, તમે જો અમને પૈસા વધારી નહીં આપો તો અમે યજ્ઞમાં હાજરી નહીં આપીએ.' કારભારી તો ગભરાઈ જ જાય ને ? સ્વામિનારાયણ ભગવાને આટલાં બધાં લાખો માણસો ભેગાં કર્યાં, આવી અદ્ભુત દીક્ષાવિધિ થવાની, આટલો મોટો સમૈયો થવાનો હોય ને ફિયાસ્કો થઈ જાય ને ? પછી મહારાજ પાસે વાત આવી કે, આ બ્રાહ્મણો રિસાયા છે, હડતાલ પર જાય છે.

ભગવાનનું જે સ્વરૂપ છે એ અકલ્પનીય છે ! મહારાજે પંચમહાલના ભીલો તરફનો પ્રદેશ સંભાળતા હતા એવા પાંચ સાધુઓને બોલાવ્યા ને પૂછ્યું, 'કેટલા સેવકો આવ્યા છે ?' ત્યારે તેઓ કહે, 'મહારાજ ! બે હજાર તીર-કામઠાવાળા સેવકો આવ્યા છે.' મહારાજ કહે, '૫૦૦ને ભેગા કરી દો.'

મહારાજે બ્રાહ્મણોને બોલાવ્યા, સમજાવ્યા, પણ બ્રાહ્મણો ના માન્યા કહે, 'તમે ભગવાન સાચા, પણ અમને વધારે પૈસા આપો.' મહારાજ કહે, 'હું પણ પુરબિયો બ્રાહ્મણ છું, હવે મચક નહીં મૂકું.' મહારાજ કહે, 'આપીશ તમને, માગણી કરતાં વધારે આપીશ પણ એમ તમે હઠ ના કરો.' એટલે ભગવાન પાસે કંઈ જોઈતું હોય તો શું કરવાનું ? દાદાગીરી નહીં કરતા, નહીં તો ડંડા ખાશો યાદ રાખો ! પ્રાર્થના કરજો, ગદ્ગદ ભાવે કાલાવાલા કરજો. તો તેઓ તો દયાળુ છે, કૃપાળુ છે, ઉદાર છે, અધમ ઓધારણ છે, આપણું બધું ભૂલીને ખુશ થઈ જશે. પણ દાદાગીરીથી માંગશો તો આડા હાથની બે આપશે તો ખબર પણ નહીં પડે કે કોણ મારી ગયું. રાંકભાવે ભક્તિ કરનાર પર ભગવાન રાજી થાય. આ બ્રાહ્મણો પોતાના જ્ઞાનના અહંકારમાં દાદાગીરી કરવા ગયા.

**હઠ, માન, ઈર્ષ્યાના ભાવ, કામ-ક્રોધાદિક દોષ,**
**અહંતા, મમતા, રાજસિક, તામસિક,**
**સાત્ત્વિક ભાવથી પરનું જે જીવન,**
**તેને ગુણાતીત અવસ્થા કહે છે !**





**સેવાનું બહુ મોટું મૂલ્ય છે.**
**મંદિરની સેવા કરો, સંતોની સેવા કરો, ભક્તોની સેવા કરો, ભગવાન રાજી થાય એવા કોઈ પણ કાર્યક્રમમાં જોડાવ તો યાદ રાખજો કે, ગુણાતીત ભાવને પામવાના માર્ગે પડ્યા છો, એમાં બળ મળશે.**

મહારાજે પેલા પંચમહાલના ૫૦૦ ભીલોને સામે બેસાડ્યા. હાથમાં જળ લઈને છાંટ્યું પાણી અને કહ્યું, 'ચાલો હવે યજ્ઞના શ્લોકો બોલો.' એટલે પેલા બધા ભીલ લોકો ફટાફટ સંસ્કૃતના શ્લોકો કોરસમાં એક સાથે બોલવા લાગ્યા. એટલે બ્રાહ્મણોને થયું કે, આ તો કાયમનો આપણો યજ્ઞ જશે, અને આવા જો પાંચ-સાત હજાર બધે ફરતા થશે તો આપણે તો સાવ નવરા થઈ જઈશું. એટલે બ્રાહ્મણોએ પ્રાર્થના સાથે મહારાજને કહ્યું, 'તમે જે આપશો એ દક્ષિણા લઈ લઈશું, પણ યજ્ઞ અમને કરવા દો.' મહારાજે એ યજ્ઞમાં એમનું બધું ઐશ્વર્ય બતાવ્યું. મહારાજે એમને વધુ દક્ષિણા આપી રાજી કર્યા. પણ થોડી દાદાગીરી કરવા ગયા એટલે મહારાજે એમને થોડો ચમત્કાર પણ બતાવ્યો કે, જે પાડાને પણ વેદ બોલાવે. આપણે બધા સંતો-ભક્તો શું શાસ્ત્રો ભણ્યા છીએ ? શું વેદ-ઉપનિષદ ભણ્યા છીએ ? શું સંસ્કૃત આવડે છે આ બધા સંતોને ? પણ વાતો કરે તો આપણું અંતર ટાઢું થઈ જાય એવી આ સંતો વાતો કરે છે. તેઓ ભગવાનનું ઈન્સ્ટ્રુમેન્ટ બની ગયા છે.

આજે એ મોટો દિવસ છે કે, સ્વામિનારાયણ ભગવાને ડભાણમાં ગુણાતીતને દીક્ષા આપી અને આપણને સૌનેય છતી દેહે અક્ષરધામનાં સુખ, શાંતિ ને આનંદ ભોગવતા થવાનો એક માર્ગ ખુલ્લો કર્યો. એનો આ બહુ મોટો દિવસ છે. આજે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને મહારાજે ડભાણ ગામે દીક્ષા આપી ત્યારે મહારાજ ખૂબ રાજી હતા !

યોગીબાપા માટે તો આપણે શું કહીએ ? બધાને ખબર હતી કે, ડભાણમાં ગુણાતીતાનંદ સ્વામીને દીક્ષા આપી છે. શાસ્ત્રીજી મહારાજે બોચાસણ સંસ્થા મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ પધરાવવા માટે, મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને ઓળખાવવા માટે સ્થાપી. પણ મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને દીક્ષા આપી એ સ્થાનનાં ઘણાંએ દર્શન કરેલાં નહીં. યોગીબાપા સ્પેશ્યલ ડભાણ જાય બધાંને લઈને દર્શન કરવા અને જગ્યા શોધી કાઢીને બધાંને બતાવે કે, આ જગ્યાએ યજ્ઞ કરી ગુણાતીતને દીક્ષા આપેલી. ખરેખર યોગીજી મહારાજે સ્વામિનારાયણ ભગવાનનાં, ગુણાતીતાનંદ સ્વામીનાં, શાસ્ત્રીજી મહારાજનાં જે જે પ્રસાદીનાં સ્થાન છે એને આપણાં સૌનાં માટે જીવતાં કર્યાં. બાપાએ આણંદ જિલ્લાના, ખેડા જિલ્લાના જે બધા ભક્તો એમને કહ્યું કે, 'દર પોષી પૂનમે ત્યાં જઈને સમૈયો કરો, ડાબલા શિબિર કરો.' ડાબલા શિબિર એટલે બધા પોતપોતાના ઘરેથી ચાર-પાંચ જણા જાય તો ઘરના ચાર-પાંચ જણની રસોઈ અને બીજા દસ-પંદર જણની રસોઈના ડબ્બા લઈને જવાનું અને ત્યાં કથા-વાર્તા, ભજન-ભક્તિ કરી, ભેળા મળીને જમવાનું. એવી રીતે પચાસ, સો, પાંચસોથી માંડી ઘણા ભક્તો ભેગા થવા માંડ્યા. ડભાણમાં એ જગ્યા વડતાલ તાબાની હતી એટલે પછી વડતાલ સંસ્થાએ એ આખી જગ્યાને રિનોવેટ કરી અને અત્યારે તો એ સ્થાનને સરસ દર્શનીય બનાવી દીધું છે. યોગીબાપાએ એ સ્થાનને, એ દિવસને એટલું બધું ફોકસ કર્યું કે સૌ ઊજવતાં થયાં.

૧૪ મે, ૧૯૬૬માં અમદાવાદ શાહીબાગ મંદિરે અમને બાપાએ કહ્યું, 'તમો સૌને સાધુ બનાવવા છે, પણ તમને ભગવાં કપડાં નથી આપવાં, તમારું હૃદય ભગવું કરવું છે. આ જ કપડે રહેજો. ઘરે જશો નહીં. ભેળા મળી રહેશો, ભજન-ભક્તિ કરી પ્રભુનાં કાર્ય કરશો.' અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, સનંદભાઈ, હર્ષદભાઈ, પૂનમભાઈ, વી.એસ, બૅરિસ્ટર, અરુણ અમે બધા આઠ-દસ ભાઈઓ હતા. 'કાકાજીની સાથે રહેજો.'-બાપાએ આજ્ઞા કરી. વલ્લભવિદ્યાનગરમાં અમે 'શ્રીજી કૉલોની'માં ભાડે રહેતા હતા. ગુરુવારની સભા અમે ત્યાં કરતા હતા. બાપાએ સભા કરવાનો નિયમ ૧૯૫૭માં આપેલો તેથી સભા ચાલુ જ હતી. પપ્પાજીએ પણ કહ્યું કે, 'તમે યુવકોની ગુરુવારની સભા જુદી જ કરો.' 'શ્રીજી કૉલોની'માં અમે સભા કરીને બેઠા હતા. ત્યારે કાકાજી વલ્લભવિદ્યાનગર આવેલા. કાકાજીએ પૂછ્યું કે, 'કેમ અશ્વિનભાઈ, શાંતિભાઈને બધા ભાઈઓ દેખાતા નથી ?' એટલે કહ્યું કે, 'આજે ગુરુવારની સભા છે એટલે તેઓ સભામાં છે.' કાકાજી કહે, 'ચાલો આપણે સભામાં જઈએ.' એટલે કાકાજી ને પપ્પાજી 'પ્રભુકૃપા'થી સભામાં આવવા નીકળ્યા. બાએ તેઓને ગુલાબનાં ફૂલ આપ્યાં કે, 'લો, આ ભાઈઓ માટે ફૂલ લેતા જાવ.' રસ્તામાં ચાલતાં ચાલતાં પપ્પાજી બોલ્યા કે, 'આજે પોષીપૂનમ છે, ગુણાતીતનો દીક્ષાદિન છે.' એટલે કાકાજી કહે, 'ચાલો આજે આપણે આ ભાઈઓને વ્રત આપી દઈએ. ભગવાં આપવાનાં નથી, સંસારમાં જવાના નથી તો એમને જાગ્રતતા રહે કે, આપણે સાધુ છીએ, ભલે ભગવાં નથી પહેર્યાં પણ ભગવાનને રાજી કરવા જીવન જીવવું છે એ ભાવ હૃદયમાં સદાય રહે.' કાકાજી-પપ્પાજી સભામાં પધાર્યા, આસન કરવા બિરાજ્યા અને મહારાજના

મહિમાની, ગુણાતીત દીક્ષાદિનના મહિમાની અને અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની વાતો કરી. પછી કાકાજી બોલ્યા, 'ચાલો, પાણી લાવો, આજે તમને સૌને વ્રત આપી દઈએ.' કોઈ વિધિ નહીં, કોઈ સમારંભ નહીં, નૉર્મલ વેમાં આવીને પાણી હાથમાં મૂકીને કાકાજી-પપ્પાજીએ વ્રતધારણનો સંકલ્પ કરાવીને કહ્યું, 'આજથી તમે સાધુ.' ત્યારથી અનુપમ મિશનના યુવાનોનો વ્રતધારણનો દિવસ એ પોષીપૂનમ છે. જે દિવસે ગુણાતીતને મહારાજે દીક્ષા આપી, એ દિવસને કાકાજી, પપ્પાજીએ સિલેક્ટ કરીને અમને પણ દીક્ષા આપી અને ભગવાનના માર્ગે જીવન જીવતા કર્યા એટલે અમારા વ્રતધારી ભાઈઓ માટે તો આજે બહુમોટો દિવસ !

અમે ગુણાતીત ભાવને પામવા માટે સંસાર છોડ્યો છે, એ યાદ રાખીએ ! અને ગૃહસ્થ ભક્તો જે સેવા કરીરહ્યા છે એ પણ ગુણાતીત ભાવને પામવા કરી રહ્યા છે. સેવાનું બહુ મોટું મૂલ્ય છે. મંદિરની સેવા કરો, સંતોની સેવા કરો, ભક્તોની સેવા કરો, ભગવાન રાજી થાય એવા કોઈ પણ કાર્યક્રમમાં જોડાવ તો યાદ રાખજો, એ ગુણાતીત ભાવને પામવાના માર્ગે પડ્યા છો, એમાં બળ મળશે. ગુણાતીત ભાવને પામવું એટલે દાદુકાકા કહેતા, 'માહિમનો હલવો નથી કે, પાંચ રૂપિયા આપીને ખરીદી લીધો ને ખાવા માંડીએ.'

હઠ, માન, ઈર્ષ્યા, મારા-તમારા ભાવમાંથી છૂટીને પ્રભુના ભાવમાં રહેવું. તમે તમારા શરીર પર સામાન્ય બૅન્ડેડ પટ્ટી મારી હોય, એને પછી તમે ખેંચજો. તો શું થાય છે ? એક પટ્ટી મારી હોય એ કાઢતાં આપણે બૂમ પાડી ઊઠીએ છીએ તો અનંત જન્મોથી આ ચૈતન્ય હઠ, માન, ઈર્ષ્યા, મારા-તારા ભાવો, અહંકારની સાથે એટલું બધું લપેટાયું છે કે, એમાંથી ખંખેરીને બહાર કાઢવું હોય તો ભૂકા નીકળી જાય ને! પણ હસતા-રમતા, આનંદપૂર્વક એમાંથી નીકળવા, લહેજતથી ગુણાતીતભાવને પામવાનો માર્ગ એ અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો માર્ગ છે. એટલે ગુણાતીતાનંદ સ્વામીને દીક્ષા આપીને આપણી સમક્ષ મહારાજે મૂક્યા. કે, આવા ગુણાતીત ભાવને પામીએ તો પ્રભુના ધામનો આનંદ પ્રાપ્ત થાય ને આવા ભાવને પામવા માટે એવા સાધુની જરૂર છે. બીજી કોઈ સાધનાની જરૂર નથી. સાધના એક જ રહી, એવા સાધુમાં જોડાઓ અને બે હાથ જોડી એ કહે એમ કરો તો હસતા રમતા ગુણાતીત ભાવને પામી જશો. બે ને બે ચાર જેવી વાત છે. પણ પહેલામાં પહેલું એ ગુણાતીત સાધુને પ્રભુનું સ્વરૂપ માનો.


**મુખ્ય ઉત્સવસભા :** ખરેખર બધાએ અદ્ભુત પ્રવચનો કર્યાં. ગઈ કાલે આર. ડી.દાદાના શતાબ્દી પર્વ નિમિત્તે પણ બધાએ અદ્ભુત વાતો કરી. અને આજે સવારથી મંદિરની મૂર્તિઓનો પાટોત્સવ વિધિ, સવારનું સૅશન, બાના સમાધિસ્થાને પ્રાર્થનાસભા થઈ, પુષ્પાંજલિ થઈ અને પછી અત્યારની સભાના બધા જ વક્તાઓએ ખરેખર ખૂબ સુંદર વાતો કરી. સમાજનું કેટલું ઊંચું ઉત્થાન થયું છે, આધ્યાત્મિકતા કેટલી બધી અદ્ભુત પ્રસરી છે એનું દર્શન આ વાતો પરથી આપણને થાય છે.

સ્વામિનારાયણ ભગવાન મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને સાથે લઈને આવ્યા. એ દ્વારા એમને આપણને આવી ઊંચાઈ પર લઈ જવા હતા. ભગવાનનું ધામ ગુણાતીત છે, સૌને ગુણાતીત કરવા છે. પણ થાય કેવી રીતે ? તો સહેલામાં સહેલો ઉપાય, એવા ગુણાતીત ભાવને પામેલા સાધુમાં જોડાવ. નિર્દોષભાવ, દિવ્યભાવ રાખીને, બે હાથ જોડી એમની આજ્ઞા પાળો. અને કંઈ પણ બને તો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ધૂનનો ઉપાય લો તો સાધુરૂપ થઈ જવાય. આ આપણી સાધના છે, એને સ્વામિનારાયણ ભગવાને સરળ બનાવી આપણને આજે ગુરુ ગુણાતીતને આપીને. એટલે આજનો દિવસ બહુ જ મોટો દિવસ છે !

માનવનો ખરેખર દેહ માનવનો છે, પણ એનું જીવન પશુ-પક્ષી જેવું હતું, માણસમાંથી સાચા માનવ બનાવ્યા, સાચા માનવમાંથી મહામાનવની યાત્રા કરવા માટે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે આપણને શુદ્ધ ઉપાસના દ્વારા ગુણાતીત સંતોની ઓળખાણ કરાવી. અને ખરેખર અત્યારે આપણે જોઈએ તો એવા અદ્ભુત સાધુ-સંતો આપણે ઓળખી શકીએ, નરી આંખે દર્શન કરી શકીએ એમની આપણને ભેટ આપી.

આપણે બધાં જ યોગીજી મહારાજ સાથે જોડાયેલા રહ્યાં, કાકા, પપ્પા, બા સાથે આપણે જોડાયાં અને એમની આજ્ઞા પાળી-ના પાળી, એમનાં રહસ્ય, રુચિ સમજ્યાં-ના સમજ્યાં, પણ એમની સાથે કોઈ પણ હિસાબે જોડાયેલાં રહ્યાં તો પામી ગયાં. બસ આ જ કરવાનું છે. ગુણાતીતાનંદ સ્વામીએ પોતે પોતાના જીવનનું દર્શન કરાવીને ગુણાતીત ભાવના પ્રગટાવવા માટે આપણને સરળતા કરી આપી.

> **ગુણાતીત ભાવને પામીએ તો**
> **પ્રભુના ધામનો આનંદ પ્રાપ્ત થાય ને આવા ભાવને પામવા માટે**
> **એવા સાધુની જરૂર છે. બીજી કોઈ સાધનાની જરૂર નથી.**
> **સાધના એક જ રહી, એવા સાધુને બે હાથ જોડી**
> **એમનામાં જોડાઓ, બે હાથ જોડી એ કહે એમ કરો તો**
> **હસતા રમતા ગુણાતીત ભાવને પામી જશો.**





**ગુણાતીત ભાવને પામેલા સાધુમાં જોડાવ.**
**નિર્દોષભાવ, દિવ્યભાવ રાખીને,**
**બે હાથ જોડી એમની આજ્ઞા પાળો.**
**અને કંઈ પણ બને તો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...**
**ધૂનનો ઉપાય લો તો સાધુરૂપ થઈ જવાય.**
**આ આપણી સાધના છે.**

યોગીબાપા એક દિવસ સભામાં બિરાજમાન હતા. કોઈએ પ્રશ્ન પૂછ્યો કે, 'બાપા ! ગુણાતીતાનંદ સ્વામી એ જ ગુણાતીતને ?' બાપા કહે, 'ગુણાતીતાનંદ સ્વામીએ તો આપણને ગુણાતીત ભાવનું દર્શન કરાવ્યું.' 'ગુણાતીત' એ કોઈ વ્યક્તિ નથી, એક ભાવ છે. એ ભાવને તમે પામો તો ભગવાન અખંડ રહેતા થાય. અને એ ભાવને પામવા માટે એવા ગુણાતીત ભાવને પામેલા સાધુની આવશ્યકતા છે, છે ને છે. એમનામાં જોડાયા વગર, એમની આજ્ઞા પાળ્યા વગર, ભગવાન ને ભગવાનના ભક્તોમાં નિર્દોષભાવ ને દિવ્યભાવ રાખ્યા વગર કોઈ ગુણાતીત ભાવને પામે એ અશક્ય છે. આપણા માટે સરળતા એ થઈ કે, એવા ગુણાતીતભાવને પામેલા, સાધુ-સંતો સાથે આપણને પ્રેમ થઈ ગયો.

અમને બધાને યોગીબાપા માટે જે પ્રેમ થયો એ બહુ અગત્યની વસ્તુ હતી. એમના પ્રેમમાં પલળ્યા એટલે તેમની સાથે જોડાયેલા રહ્યા. અને જ્યારે જરૂર પડી ત્યારે હરિપ્રસાદ સ્વામીના યોગમાં મૂક્યા, જરૂર પડી ત્યારે કાકાજીના યોગમાં મૂક્યા. જરૂર પડી ત્યારે પપ્પાજીના સાંનિધ્યમાં રાખ્યા અને એમણે આપણું કામ કર્યું.

તો ખરેખર એવા ગુણાતીત ભાવને પામેલા સાધુમાં જોડાયા પછી જ હઠ, માન, ઈર્ષ્યા ને મારા-તારાપણાના ભાવમાંથી, દેહભાવથી પર થવાની સાધના શરૂ થાય છે. એ સાધનાની શુભ શરૂઆત ડભાણમાં પોષ સુદી પૂનમે ગુણાતીતાનંદ સ્વામીની ભેટ આપીને સ્વામિનારાયણ ભગવાને કરી. અને એ દિવસ એટલે આપણા માટે, ગુણાતીત સમાજ માટે ખરેખર ખૂબ અદ્ભુત અને મંગલકારી દિવસ. એટલે યોગીબાપા આ દિવસને બહુ ઉત્સાહ, ઉમંગથી ઊજવતા હતા. ડભાણમાં બાપા જતા, ડભાણના એ તીર્થસ્થાનને બાપાએ ખૂબ જીવંત બનાવી દીધું અને પોતે પણ એટલા ભાવથી ઉત્સવ ઊજવતા, કારણ કે, ગુણાતીત ભાવને પામવાનો સરળ ને અદ્ભુત માર્ગ મહારાજે ગુણાતીતાનંદ સ્વામી દ્વારા કર્યો.

આપણા સમાજનું નામ જ ગુણાતીત સમાજ છે. ગુણાતીત ભાવમાં રહીને પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરી, ગુણાતીત ભાવને પામવાની સાધના કરતા સંતો, ભક્તોનો જે સમાજ તે ગુણાતીત સમાજ ! એ સમાજના આપણે મેમ્બર છીએ. ખરેખર આપણા માટે બહુ મોટી કૃપા થઈ છે !

આજે બધાએ વાત કરી કે, સંપ, સુહૃદભાવ, એકતા રાખો અને હળીમળીને કામ કરો તો ગુણાતીત ભાવના પ્રગટશે. તો આજે આપણે પ્રાર્થના કરીએ કે, એ કરવાનું આપણને સૌને બળ, બુદ્ધિ ને પ્રેરણા મળે ! ભજનમાં ગવાયું 'હૃદય અર્પણ કરીએ તો મંદિર પ્રભુનું બની જઈએ...' એવા આપણે બનીએ અને સૌ હળી, મળી, એકમનાં થઈને ભક્તિથી જીવન જીવીએ.

આજે પોષી પૂનમ છે, આવતી ૨૦૨૦ની પોષી પૂનમ ૧૦મી જાન્યુઆરીએ આવે છે. ત્યારે મારી બધા ભક્તોને ખાસ તો પ્રાર્થના છે કે, નૂતન મંદિરનું કામ સરસ ચાલી રહ્યું છે. તો આવતા જાન્યુઆરી ૭-૮-૯-૧૦ મૂર્તિ પ્રતિષ્ઠાના દિવસો જાહેર કરવા છે. ૧૦મીએ પોષી પૂનમે મંદિરની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા થશે. ૭મીએ કાકાજીની સ્મૃતિમાં ભજનસંધ્યા થશે. ૮મી-૯મીએ યજ્ઞ અને બીજા કાર્યક્રમો થશે. આમ, ૭-૮-૯-૧૦ ચાર દિવસનો ૨૦૨૦નો પ્રોગ્રામ છે. સૌ ભક્તોને પ્રાર્થના કે, હરિધામ, પવઈ, દિલ્હી, ગુણાતીત જ્યોત, બ્રહ્મજ્યોતિ કે બીજાં કેન્દ્રોમાં આવા જે પ્રૉજેક્ટો ચાલી રહ્યા છે તે મંદિરરૂપ થવાની સાધના માટેના છે. આ બધા કાર્યક્રમો દ્વારા આપણે ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરવી છે. અને ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત થતાં આપણાં હૈયાંમાં સુખ, શાંતિ ને આનંદ આપોઆપ પ્રગટશે. પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટેના આ બધા પ્રસંગો નિમિત્ત છે. એમાં સેવામાં હાજરી આપીને, એનો ગુણ લઈને આપણા તરફથી જે કંઈ ભક્તિ અદા કરવાની હોય તે કરીએ, એ માટેનાં બળ, બુદ્ધિ ને પ્રેરણા આપણને સૌને આપે એ પ્રાર્થના છે !

આ કાર્યક્રમમાં જે જે બધા ભક્તો, સંત બહેનો પધાર્યાં, સંતો પધાર્યા, વ્રતધારી સંતો ને સર્વે ગૃહસ્થો – તેઓ પણ સાધુ જેવા છે; એ સર્વની સાથે પ્રભુ અમને સૌને અક્ષરધામનાં સુખે સુખિયાં કરજો. તમારી પ્રસન્નતા પ્રાપ્ત કરવી એ અમારા જીવનનો મૂળ ઉદ્દેશ્ય છે, અને ગુણાતીત ભાવને પામવું એ અમારું ધ્યેય છે; એ ધ્યેય પર અમને હસતાં, રમતાં, ખેલતાં, કૂદતાં પહોંચાડજો એવી આપના ચરણોમાં પ્રાર્થના !

આપણને બધાંને પ્રભુ એમના કાર્યમાં જોડી, એમની પ્રસન્નતા પ્રાપ્ત કરી, ગુણાતીત ભાવને પામવાની સાધના કરવા માટે લાવ્યા છે; એ આપણાં સૌનાંય જીવનમાં આનંદપૂર્વક સરળતાથી પાર પડે એવી પ્રભુચરણે, ગુરુચરણે પ્રાર્થના!


જય શ્રી સ્વામિનારાયણ ! ◆




# સાધુહૃદયની પ્રાર્થનાગંગા

**નૂતન** વર્ષ ૨૦૧૯નો શુભારંભ થયો.
આ મંગલવર્ષ મંદિરનિર્માણનું વર્ષ
‘બ્રહ્મજ્યોતિ’માં શ્રી ઠાકોરજી બિરાજશે
તે નિર્માણમાં સૌ સંતો ભક્તો સમર્પણ ધરશે
‘તન’ સમર્પણ કરી શુદ્ધ પવિત્ર કરી લેશે
‘મન’ સ્મૃતિ કરી પ્રભુમાં એકાકાર કરી લેશે
‘ધન’ પ્રભુચરણે ધરી અનાસક્ત થઈ જશે
‘આત્મા’ પરમાત્મા સાથે અદ્વૈતભાવે જોડાશે
સૌ પ્રભુમય સહજાનંદમય બની રહેશે.
આતમે પ્રભુ બિરાજ્યા તો ધન્ય થઈ ગયા
હવે સર્વમાં સર્વત્ર પ્રભુનાં દર્શન
હવે સર્વનો પ્રેરક મારો પ્રભુ... પ્રત્યક્ષ પ્રભુ
હવે આસપાસ વિહરતાં સૌ પ્રભુનાં જ સ્વરૂપો
હવે આ સામે જે મુક્ત તેનો હું દાસ
હવે ‘અક્ષરં અહં પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપસ્ય દાસોઽસ્મિ !’
તે મનાયું જ છે તેનો આનંદ... સહજાનંદ... નિજાનંદ !
સંતભગવંત ‘સાહેબજી’ આ સિદ્ધ કરાવવા બ્રહ્માંડે પધાર્યા.
તે આપણે સૌ સિદ્ધ કરી લઈએ તે માટે ક્રિયામાં જોડે
તે સહજ સરળ પ્રાપ્તિ કરી લઈએ તે માટે સેવામાં પરોવે
તે સેવા – ભક્તિ બની રહે તે માટે પ્રાર્થના, ભજનથી બળ પૂરે.
તે સ્વરૂપનો સ્વીકાર કરી માહાત્મ્યે ભરપૂર થવાનું વર્ષ
આ વર્ષની પ્રતિક્ષણે આતમે પ્રકાશ પામીએ

સ્વામી અને શ્રીજીની સર્વોપરિતા સ્વીકારી છે, દૃઢ કરીએ
સ્વામિશ્રીજી ‘સાહેબજી’માં પ્રગટ–પ્રત્યક્ષ તે સ્વીકારી વર્તીએ
આ સંબંધી સર્વના કર્તા–પ્રેરક તેઓને માનીએ
તેવો સર્વનો સંબંધ છે તે સ્વીકારી સૌના દાસ બની જઈએ
રહી સહી કસર ટાળવી જ છે તે નિર્ધાર કરી લઈએ
‘સાહેબજી’ ટાળી રહ્યા છે... ટાળી જ દેશે તે વિશ્વાસ કરીએ.




હે પ્રભુ પરમ !
આ અમારા સંકલ્પો છે
તે પૂર્ણ કરો...
મૂર્તિમાં રહેતા થકા સેવા કરીએ
નિર્દોષભાવે ભક્તિ કરીએ
અંતરે સહજાનંદી બનીએ
સૌને સહજાનંદ સ્વરૂપ માનીએ
૨૦૨૦ને પ્રારંભે ‘બ્રહ્મજ્યોતિ’ મહાતીર્થમાં
આપ બિરાજશો...
તે ક્ષણે અમારા રોમરોમ આપ બિરાજો
તે શુભ સંકલ્પ પૂર્ણ કરો... દયાળુ !
નૂતન વર્ષ ૨૦૧૯ની અમારા સૌની
દેશવિદેશે... અક્ષરધામ માની વસતાં સૌની
આપને રાજી કરવા ઈચ્છતા સૌની
આ અંતરની પ્રાર્થના સ્વીકારો ! કૃતાર્થ કરો !



**૧.૧.૨૦૧૯, બ્રહ્મજ્યોતિ, પ્રાતઃપૂજામાં પ્રાર્થના ધરી.**





# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા

પોષીપૂનમ મુખ્ય ઉત્સવસભા, તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી

૨૧ જાન્યુઆરી, ૨૦૧૯

**અનાદિ** અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના દીક્ષાદિન નિમિત્તેનો આજનો દિવસ – પોષ સુદી પૂનમ; એ આપણા સમગ્ર ગુણાતીત સમાજ માટેનો બહુ આદર્શ અને ધન્ય ઘડીનો દિવસ છે ! આજનો દિવસ એ પંચમતીર્થ જેવો દિવસ છે. ગુણાતીતાનંદ સ્વામીનો દીક્ષાદિન ! એ દીક્ષાદિન પસંદ કરીને કાકાજી, પપ્પાજી, સોનાબાએ અનુપમ વ્રતધારીઓને દીક્ષા આપી – એમનો આજે વાર્ષિક દીક્ષાદિન ઉત્સવ ! એ શુભ દિવસે જ પારમિતા મંદિરમાં શ્રી ઠાકોરજીની મૂર્તિઓનું સ્થાપન થયું ! એની સાથે સાથે આજે ૨૧ જાન્યુઆરી – સોનાબાનો નિર્વાણ દિન ! અને આપણાં સૌનાંય માટે અત્યંત આનંદની વાત એવી કે, ૨૧મી જાન્યુઆરી ૨૦૧૫માં ગુરુહરિ સાહેબદાદાની ઑપન હાર્ટ સર્જરી અમેરિકામાં કરવામાં આવી અને શ્રી ઠાકોરજીના આશીર્વાદથી એમણે પુનઃ સ્વાસ્થ્ય પ્રાપ્ત કર્યું એને આજે ચાર વર્ષ પૂરાં થયાં ! અને સાથે ગઈ કાલે સાહેબજીએ કાકાજી-પપ્પાજી જન્મશતાબ્દી સંભારી ! આવા અદ્ભુત આ ૨૦૧૯ના વર્ષમાં આપણે અનેક સ્મૃતિઓ સાથે લઈને ચાલવાનું છે અને એમાં આપણે ગુણાતીતભાવને સદાય ધારણ કરીને રહેવાનું છે.

આપણે ગુણાતીત સમાજનાં કહેવાઈએ છીએ. અને ગુણાતીત સમાજમાં આપણા સૌનાય આદર્શ એવા ગુણાતીતાનંદ સ્વામીજી છે ! એક આદર્શ સાધુ, સિદ્ધ અને સેવકનું સ્વરૂપ કેવું હોય એનું અદ્ભુત દર્શન આપણને તેઓએ એમના જીવન દરમિયાન જીવીને બતાવ્યું છે, આપણને સર્વને શિખવાડ્યું છે. સાધુતાના માર્ગમાં, સાધુ એટલે ? ગુણાતીતાનંદ સ્વામીના શબ્દોનો આધાર લઈએ કે, 'નિર્વાસનિક થઈને ભગવાનમાં જોડાવું.' ચાહે ત્યાગી હોય કે ગૃહસ્થ હોય, પણ એવી રીતે નિર્વાસનિક થઈને ભગવાનમાં જોડાયેલા જે મુક્તો છે તે ગુણાતીત ભાવનાને સદાય જીવંત રાખે છે, એને વહેતી રાખે છે.

અમારા સમયમાં અમારું સદ્ભાગ્ય કે, અમને યોગીબાપાના આશીર્વાદ, દર્શન અને એમની નિજ-સેવા કરવાનો મોકો મળ્યો ! એ જ ગુણાતીત ભાવનાના જીવંત ધારક એવા કાકાજી, પપ્પાજી, સ્વામીજી અને સોનાબાના ખોળામાં અમે ઊછર્યા. અને એ જ પરમભાવને અત્યારે સાહેબદાદાએ ધારણ કર્યો છે. તેઓએ 'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના જીવનકાર્યને વહેતું રાખવું.' એ પોતાના જીવનનો હેતુ છે તેમ કહ્યું છે. ગુણાતીતાનંદ સ્વામીએ 'વાત'માં કહ્યું છે કે, 'સાધુ થાવું અને સાધુતા શીખવી.' સાધુ થવું એટલે નિર્વાસનિક થવું અને ભગવાનની સાથે જોડાવું.

સાહેબદાદા ઘણી વખત દૃષ્ટાંત કહે છે. મોટી મોટી સોસાયટીઓ ને રૅસિડેન્સિયલ કૉમ્પલેક્સ બંધાય ત્યારે કૉન્ટ્રાક્ટર સૌથી પહેલાં એક મૉડેલ હાઉસ તૈયાર કરે છે. આ કૉમ્પલેક્સમાં કેવાં મકાનો બનશે, એમાં કેવી સુવિધાઓ હશે, એમાં કેવું ઉચ્ચ કક્ષાનું બિલ્ડિંગ મટિરિયલ વપરાયું હશે એનું ડૅમોન્સ્ટ્રેશન એમાં હોય છે. એ વિસ્તારમાં આવીને નિવાસ કરવાની ઇચ્છા રાખતા કોઈ પણ સદ્ગૃહસ્થને મકાનની કેવી સુવિધાઓ અહીંયાં પ્રાપ્ત થશે એનું સૅમ્પલ તરીકે મૉડેલ હાઉસ બતાવવામાં આવે છે અને એ જોઈને ગ્રાહકો પછી મકાન લેવા પોતાની ઉમેદવારી નોંધાવે છે.

એમ, સ્વામિનારાયણ ભગવાને સાધુ કેવો હોય? એ સાધુને ઓળખાવવા માટે મહારાજ અતિશય કૃપા અને કરુણા કરીને એમની સાથે અનાદિ અક્ષરબ્રહ્મનું પરમ તત્ત્વ સાથે લઈને આવ્યા અને ગુણાતીતાનંદ સ્વામીએ એવું સાધુ-જીવન પોતે જીવીને બતાવ્યું. સૌથી મોટી વાત કે, એમણે ઉપાસનાનો એકડો માંડ્યો. સર્વ કર્તા, સર્વ નિયંતા, સર્વના પ્રેરક ભગવાન શ્રી સ્વામિનારાયણ સદા દિવ્ય, સાકાર, પ્રગટ ને પ્રત્યક્ષ એવું ભગવાનનું સ્વરૂપ છે તેવી તેમના સ્વરૂપને વિશેની જે દૃઢતા એનો પાયો ગુણાતીતાનંદસ્વામીએ નાખ્યો.

જૂનાગઢમાં એમના ૪૦ વર્ષની મહંતાઈના સમય દરમિયાન એમણે ઉપાસનાની દઢતાની આ વાત સામાન્ય ગૃહસ્થજીવનમાં પણ એટલી બધી બેસાડી દીધી કે, આજે એના પરિપાક સ્વરૂપે આપણે જોઈએ છીએ કે ગુજરાત અને ગુજરાતની બહાર, ભારત અને ભારતની બહાર વિશ્વના અનેક દેશોમાં ભગવાનસ્વામિનારાયણના મંત્રનો ગુંજારવ અત્યારે શક્ય બન્યો.

આજે સવારે સાહેબદાદાએ પેલા બ્રાહ્મણોએ દક્ષિણાનો ભાવ વધાર્યો, અને અમે યજ્ઞ નહીં કરાવીએ એવું કહ્યું ત્યારે મહારાજે પંચમહાલમાંથી આવેલા સત્સંગી ભક્તોને જનોઈ આપીને બ્રાહ્મણ બનાવ્યા ને શ્લોક બોલાવ્યા; એનું એક દૃષ્ટાંત આપણને કહ્યું. એનું ઈન્ટરપ્રિટેશન એવું થાય કે, ભગવાનનું કામ ભગવાન વતે જ થાય છે, ભગવાનની શક્તિથી થાય છે, ભગવાનના સંકલ્પથી થાય છે. મને સેવા મળી એ મારું બહુ મોટું સદ્‌ભાગ્ય છે! આવું માનીએ ત્યાંથી સેવકભાવ શરૂ થાય છે. સાહેબદાદાએ એટલે આપણને સૌનેય ટકોર કરી કે, કોઈનાય વગર કશું કામ અધૂરું રહેવાનું નથી અને કોઈની અનુપસ્થિતિથી કશું કામ રખડી પડવાનું નથી. આપણે કર્તાપણાનો ખોટો ભાર લઈને ફરીએ છીએ. ગુણાતીતાનંદ સ્વામીને ખીંટીએ લટકાવેલી ઝોળી ખભે ભરાવીને ૪૦ વરસની મહંતાઈને છોડતાં ચાર મિનિટ પણ ના લાગી; એ ગુણાતીત અવસ્થા છે !

જેતલપુરનું દૃષ્ટાંત આપીને પણ સાહેબદાદાએ કહ્યું કે, 'આપણે બીજા ભક્તોને શરીરથી જોઈએ છીએ, સ્વભાવ-પ્રકૃતિથી જોઈએ છીએ, વ્યવસાયથી જોઈએ છીએ; એને બદલે પ્રભુના કાર્યમાં એ ભાગરૂપ બન્યા અને ભગવાનની એના પર કૃપા વરસી એ જોવાની દૃષ્ટિ કેળવવી એ ગુણાતીત ભાવના છે !' એટલા આપણે ગુણોના ભાવથી ઉપર ઊઠ્યા ! ભલે જેટલા પ્રસંગે, જેટલી ક્ષણ માટે પણ આ ભાવથી આપણે જેટલા ઉપર ઊઠ્યા એટલી આપણે ગુણાતીત ભાવનાને ધારણ કરી. જો ગુરુની કૃપા થાય તો એને અખંડ ધારણ કરી શકીએ અને એનાથી પણ આગળ એને વહાવી શકીએ. આપણા સમયમાં કાકાજી-પપ્પાજી-સ્વામીજી કે સાહેબદાદાની મોટપ આ છે. એમણે ગુણાતીત ભાવનાને પોતે તો ધારણ કરી, પણ એમણે એ ભાવનાને વહાવવાનું કામ અખંડ ચાલુ રાખ્યું. આ બહુ ઊંચો આદર્શ છે !

ગુણાતીત સમાજના, ગુણાતીત વેલાના જો આપણે કહેવાતા હોઈએ, ગુણાતીત જ્યોતિર્ધરોના જો આપણે સેવકો કહેવડાવતા હોઈએ તો આપણા સૌની એક બહુ જ ગંભીર જવાબદારી બને છે કે, આપણા દ્વારા, આપણા વિચારો દ્વારા, આપણી વાણી દ્વારા, આપણા વર્તન દ્વારા એ ગુણાતીત ભાવમાં અડચણ પેદા ના કરીએ, વિસંવાદિતા ના વિસ્તારીએ. એના બદલે સંવાદિતાથી સૌની સાથે હળી-મળી, પ્રેમભાવથી, પ્રભુના ભાવથી, સુમેળ રાખી જીવવાનો પ્રયત્ન કરીએ.

આજે સવારે સાહેબદાદાએ માહિમનો હલવો સંભારીને કાકાજી મહારાજની પણ સ્મૃતિ કરી. આ પુરુષો આપણને ઘણાં બધાં સૂત્રો આપી ગયા છે. એ સૂત્રો પ્રમાણે તેઓ પોતે એવું જીવીને આપણને બતાવી ગયા છે કે, જે હવે આપણો આદર્શ છે. જો આપણે એમના શિષ્યો હોઈએ, એમના સેવકો હોઈએ, જો આપણે એમના કહેવડાવતા હોઈએ તો આપણા પક્ષેથી આપણી જે ફરજ છે એની સભાનતા, એની જાગ્રતતા રાખવા માટે માગવાનો અને પ્રાર્થના કરવાનો પણ આજનો દિવસ છે.

એક બહુ સુંદર પ્રાર્થના છે – 'વીર વ્રતધારી બનીએ.' આપણે વ્રતધારણ કર્યું, પણ વ્રતધારી બની રહેવા માટેની એક વીરતા જોઈશે. એ વીરતા એટલે મરી જવાની, ખપી જવાની તૈયારી. સામાવાળા જોડે તલવાર લઈને લડવાની એ વીરતા નહીં; પણ પોતાની જાત સાથે, પોતાના અંતરશત્રુઓ સાથે, પોતાનાં સ્વભાવ-પ્રકૃતિ સાથે લડી લેવાની, મરી જવાની અને ફરીથી પાછા જીવતા થઈને લડવાની તૈયારી; એ વીરતા. 'જીવતા મરે ને મરીને જીવે...' સમયે સમયે બહુ સુંદર રીતે આપણને સંતોએ કીર્તનના શબ્દો દ્વારા પણ બળ પૂર્યું છે, પ્રેરણા આપી છે. આ બધું સંભારવાનો આજનો દિવસ છે, બહુ મોટો દિવસ છે! ગુરુ ગુણાતીતનો દીક્ષાદિન એ આપણા સૌનોય દીક્ષાદિન છે. એટલું જ નહીં કે, જેમણે ભગવાં વસ્ત્ર ના પહેર્યાં કે ના પહેરાવ્યાં અને વ્રતધારણ કર્યું એવા વ્રતધારી સંતોનો આ વ્રતધારણ દિન છે. આપણે સર્વેએ સાથે મળીને સંકલ્પ કરવાનો આ દિવસ છે. ગુણાતીત ભાવનાનું વ્રત લેવાનો આ દિવસ છે.

ગુણાતીતાનંદ સ્વામીએ એમની 'વાતો'માં આપેલો બહુ સીધો સાદો સરળ ઉપદેશ આપણા હૈયામાં સોંસરો ઉતરી જાય એવો છે. એમણે ઉપાસના, આજ્ઞા, પ્રગટ સત્પુરુષમાં પ્રીતિ અને સત્સંગીમાં સુહૃદભાવની વાત પણ સમજાવી છે. આપણે પોતે આપણા જીવનના રોજિંદા જીવનમાં જો એને આચરી શકીએ, વણી લઈને જીવી શકીએ તોપણ આપણે ગુણાતીત ભાવને લઈને જીવ્યા કહેવાય. ગુણાતીત ભાવ- ગુણાતીત અવસ્થાને પામવું એ જુદી બાબત છે. 'નિર્ગુણાનંદ સ્વામી' એ એમનું સાધુનું દીક્ષિત નામ હતું અને એમની ગુણાતીત અવસ્થાને કારણે એમનું નામ હતું 'ગુણાતીતાનંદ સ્વામી.' તમોગુણ, રજોગુણ અને સત્ત્વગુણથી ઉપર ઊઠીને આવી ગુણાતીત અવસ્થાને પામવું એ અશક્ય ને અસંભવ સ્થિતિ છે. પણ આપણાં સૌનાંય સદ્‌ભાગ્ય છે કે, આપણને એવું હાલતું-ચાલતું-ખાતું-પીતું-બોલતું અને આપણાં સૌની વચ્ચે આપણાં જેવું જ થઈને રહેતું એવું સુલભ ગુણાતીત સ્વરૂપ સમયે સમયે આપ્યું છે ! આપણા ઉપર સ્વામિનારાયણ ભગવાનની આ સૌથી મોટી કૃપા છે ! જે સમયમાં જે કોઈ ગુણાતીત સત્પુરુષો મળ્યા એના થઈને આપણે જેટલા જીવ્યા તેટલા આપણે એમના પરમ ભાવને પામી શક્યા, એમનામાં રહેલા બ્રહ્મતત્ત્વને પામી શક્યા, બ્રહ્મના ભાવને પામી શક્યા! આપણા ઉપર કેટલી મોટી કૃપા છે કે, પ્રભુએ આવાં સ્વરૂપોને આપણી વચ્ચે સદાય વિચરતાં રાખ્યાં! જો આપણે ખરેખર એમને ગુણાતીત સત્પુરુષ માનતા હોઈએ તો એક બીજી વિશેષ પ્રાર્થના કરવાનો પણ આજે દિવસ છે કે, અમને આપના સ્વરૂપને વિશે મનુષ્યભાવ ના આવે.

'યોગી તારા સ્વરૂપમાં કદી મનુષ્યભાવ ના આવે.' વર્ષો પહેલાં આપણને આપવામાં આવેલો આ આદર્શ છે – એમના વિશે મનુષ્યભાવ ના આવે. એ જે કાંઈ પણ એમના સંકલ્પ, ભાવ કે ક્રિયા કોઈ પણ મુક્તના માધ્યમ દ્વારા વર્તે-વર્તાવે છે ત્યારે પણ મનુષ્યભાવ ના આવે. આદરણીય ગુરુ આર. ડી.કાકાને યાદ કરીએ. એમણે એમના જીવનમાં 'સ્વામિનારાયણ' મહામંત્રનો જ આધાર-ઉપાય લીધો છે. પોતાનાં બુદ્ધિનાં મૂલ્યાંકનોમાં, પોતાની બુદ્ધિની સમજણમાં, પોતાની દૃષ્ટિએ ખરા-ખોટાની વ્યાખ્યામાં મુક્તોનું જે કંઈ વર્તન થાય તેમાં તેમણે અદ્‌ભુત પ્રયોગ પોતાના જીવનમાં કર્યો છે. આપણા હૃદય અને આપણા મગજ વચ્ચે અંતર છે. હૃદયમાં જુદી ભાવનાઓ છે, ઊર્મિઓ છે, લાગણીઓ છે, અને તે પ્રેમથી છલકે છે. પણ બુદ્ધિમાં તર્ક-વિતર્ક, નફા-નુકસાનના ભાવ-તાલની કેટલી બધી ગણતરીઓ હોય છે. આ બંને વસ્તુઓ સાથે ચાલતી હોય છે. બુદ્ધિ અને હૃદયની એકરૂપતા કરવા માટે, મને આ બધું દિવ્ય ને નિર્દોષ દેખાય એવી સમજણને દૃઢ કરવા માટે એમણે કેવળ અને કેવળ એક ઉપાય લીધો... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાણ...!!!

ગુણાતીતાનંદ સ્વામીએ એમની 'વાતો'માં કહ્યું છે, 'સ્વામિનારાયણ મંત્ર મહાબળિયો છે. કાળા નાગનું પણ જો ઝેર ચડ્યું હોય તો એને ઉતારી દે એટલી એનામાં શક્તિ છે.' અને આપણે બ્ર.સ્વ. યોગીજી મહારાજના જીવન પ્રસંગથી એમ જ માન્યું છે કે, નાગ-સાપ કરડે ને ઝેર ચડે ત્યારે 'સ્વામિનારાયણ' મંત્ર જપવો તો આપણું જીવન બચી જાય, મરી ના જઈએ. પણ સાધકને માટે મનુષ્યભાવ, અભાવ, ખટપટ કે નિંદામાં પડવું એ એનું આધ્યાત્મિક મરણ છે. અને એ મરણમાંથી જો ઊગરવું હોય તો 'સ્વામિનારાયણ' મંત્ર એક મહાબળિયો મંત્ર છે. જગતનાં જે ઝેર, મન-બુદ્ધિ-ચિત્ત અને અહંકારની માન્યતાનાં જે ઝેર જ્યારે આપણને ચઢ્યાં હોય ત્યારે એ સમય એવો હોય છે કે, એ ઝેર ઉતારવા માટે કોઈ શિખામણ કામ લાગતી નથી, કોઈ જ્ઞાન કામ લાગતું નથી; ત્યારે 'સ્વામિનારાયણ' મહામંત્રનો જાપ કરીએ તો આપણે બચી શકીએ. અને એ વાત સાહેબદાદાએ પ્રૅક્ટિકલી જીવીને બતાવી છે. એના માટે પોતે ધૂન કરે, એની પાસે ધૂન કરાવે અને જ્યારે તંત્ર શાંત થાય ત્યારે એને યોગ્ય સમજણ આપોઆપ પ્રાપ્ત થાય છે. આ અનુભવની વાત છે. અને એટલે જ કાકાજી છાતી ઉપર હાથ મૂકીને કહેતા કે, હું અનુભૂતિવાળો પુરુષ છું.'

આપણને કાકાજી અને પપ્પાજીએ આપેલું જીવનસૂત્ર કે, ગુણાતીત ભાવના એટલે શું ? – 'સંબંધવાળામાં મહારાજ જુઓ.' શિબિરો તો આપણે ઊજવી, તેઓએ આપેલાં વાક્યો પણ આપણને મળ્યાં, એનાં ચિત્રો પણ આપણે છપાવીને આખા સત્સંગમાં ફરતાં કર્યાં; પણ એ જે ગુણાતીત ભાવ છે એ ભાવને પ્રગટાવવો, ધારણ કરવો, એ આપણે આપણાં ઈન્દ્રિયો, અંતઃકરણ, હાથ-પગ ને હૈયાનાં માધ્યમ દ્વારા કરવાનું છે. એ જેટલાં શુદ્ધ અને પવિત્ર થતાં જશે તેટલો એ ગુણાતીત ભાવનાનો ગુણાતીત દીપક-ગુણાતીત જ્યોત વધારે પ્રકાશિત થઈને આપણા હૈયાને વિશે અને પછી આપણે જ્યાં જ્યાં જઈશું ત્યાં ત્યાં સઘળે ઠેકાણે એ દિવ્યતાનો – દિવ્યભાવનો પ્રકાશ રેલાવવાનું આપણે માધ્યમ બની શકીશું.

સાધુ થઈને, દીક્ષા લઈને આખરે આપણે કામ તો આ જ કરવાનું છે. અને એ કામ માટેની સતત જાગ્રતતા રહે, જાણપણું રહે એટલે આપણે આ ઉત્સવો વર્ષોવર્ષ ઊજવીએ છીએ અને દર વર્ષે કાંઈક ને કાંઈક નવો પાઠ પાકો કરવાનો સંકલ્પ કરીએ છીએ. કારણ કે, સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે, આ તો સૌ પ્રગતિ કરતાં ચૈતન્યો છે. જેમ નદીનું જળ એનું એ રહેતું નથી, એમ મારે-તમારે-આપણે સૌએ સમયની સાથે ચાલવાનું છે. અને એ સમય એટલે સદાય જીવંત રહીને, જીવનમુક્તોની સાથે જીવનના તાલ અને મેળને સંગીત પ્રગટે તેવી રીતે જીવવાની પ્રૅક્ટિસ કરવાની છે.

સાહેબદાદા ઘણી વખત દૃષ્ટાંત આપે છે. પાંચ-પચ્ચીસ વાજિંત્રો પોતપોતાની રીતે ભોં-પૂં-ભૂં કરે તો આપણે એને ઘોંઘાટ કહીએ છીએ અને બંધ કરવા માટે વિનંતી કરીએ છીએ. પણ એ જ પચ્ચીસ વાદકો પચ્ચીસ વાજિંત્રો સાથે તાલ, લય અને સૂરની સાથે જ્યારે એમની વિદ્યાને અજમાવે છે ત્યારે એ સંગીત બની જાય છે. ને સમજે-ના સમજે તે પણ પગના ઠેકાથી ને માથું ડોલાવીને તાલ આપવા માંડે છે. આ સંગીતનો જાદુ છે, આ સંવાદિતાનો જાદુ છે, આ સુહૃદભાવનો જાદુ છે.

ત્યાગાશ્રમની દીક્ષા પ્રમાણે ગુણાતીતાનંદ સ્વામીનો ત્યાગ અદ્‌ભુત હતો! જેની તોલે કોઈ આવી ના શકે એટલો બધો ત્યાગ હતો. તે કેવો ત્યાગ હતો ? તે જણાવવા એક વાતનો આધાર લઉં. કોઈ ભક્ત નવા પાકેલા મગ – મઠ લઈ આવ્યા અને બધા સંતો વચ્ચે ખોબો ખોબો વહેંચ્યા. ગુણાતીતાનંદ સ્વામીએ પણ લાઈનમાં તે લીધા. પણ હવે એને ક્યાં સાચવી રાખવા ? એટલે કાચા મગ એ પોતે આરોગી ગયા. કોઈકે સ્વામીને પૂછ્યું કે, 'સ્વામી, બીજા બધાએ મગ ક્યારેક કોઈ દિવસ તે કામ લાગશે તેમ વિચારી તેને રાખવાની સગવડ કરી છે, તો તમારા મગ ક્યાં ?' ત્યારે સ્વામીએ કહ્યું, 'કર પાતર અને ઉદર ઝોળી'. જેમની પાસે કોઈ પણ પ્રકારનું કશું સંગ્રહ કરવા માટેનું સાધન પણ ના હોય, આ ત્યાગાશ્રમની કેટલી ઊંચાઈ કહેવાય !

જ્યારે એની સામે એમણે પોતાના સેવકોને, સંતોને અને વિશેષ કરીને ગૃહસ્થોને લાડકોડ લડાવ્યા છે, પ્રેમ આપ્યો છે. ત્યાગ-વૈરાગ્યને બાજુ પર ઠેલીને, એટલે કે પોતાના ત્યાગાશ્રમને બાજુ પર રાખીને ગૃહસ્થોના જીવનમાં રસબસ થઈને પત્ની અને સંતાન સાથે જીવતા ગૃહસ્થોને પરમ એકાંતિક સ્થિતિને પમાડ્યા છે. ત્યાગી-વૈરાગીઓ એમની ભેગા હતા, મહારાજે દીક્ષા આપેલા પરમહંસો એમની ભેગા હતા પણ ગુણાતીતાનંદ સ્વામીના રાજીપાવાળા, કૃપાપાત્ર શિષ્યોની જ્યારે આંગળીના વેઢે ગણતરી

કરવામાં આવે ત્યારે બહુધા તો ગૃહસ્થ ભક્તો હતા. સમજવા જેવી આ બાબત છે. એટલે એમણે કહ્યું, 'ગૃહી-ત્યાગીનો કાંઈ મેળ નથી.' એવા અદ્‌ભુત હરિભક્તોને પણ જેમણે પોતાની પાંખમાં રાખીને સેવ્યા એ એમની ગુણાતીત અવસ્થા હતી ! એટલે તો તે સમયના એકાંતિક સદ્‌ગૃહસ્થ ભક્તોનાં જીવનચરિત્ર વાંચીને આપણે આવું સમર્પિત જીવન જીવવાનો સંકલ્પ કરીએ છીએ. મહારાજની આ મોટી કૃપા ! એ ભગવાન સ્વરૂપે પણ વર્તે, એ સાધુ સ્વરૂપે પણ વર્તે અને એ સેવક સ્વરૂપે પણ વર્તે ! પોતે નિર્ગુણ અવસ્થામાં હોવા છતાંય સામે આવનારું ચૈતન્ય જે ભાવથી આવે તેવો ભાવ પોતે ગ્રહણ કરીને એની સાથે એકરૂપતા સાધે એ સાધુનો જાદુ છે.

એમનો સમય એવો હતો કે જ્યારે સમાજમાં દોરા, ધાગા, ભૂવા, જાગરિયાનો જાદુ ચાલતો હતો, ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ આ જાદુ ચલાવ્યો. અને એ જાદુગર પણ હતા ! જીવન પરિવર્તન કરવાનો જાદુ એમની પાસે હતો, કારણ કે મહારાજની મૂર્તિના તેઓ અખંડ ધારક હતા. અને એટલે મહારાજના સમયમાં – તેઓની હયાતીમાં એક શિષ્ય તરીકે, સેવક તરીકે, દાસ તરીકે અનેક અપમાનો થયાં તોપણ મોઢા ઉપર રંચમાત્ર ફેર ના પડે એવા ભાવથી જીવીને બતાવ્યું. એટલું જ નહીં, પણ મહંતાઈ વખતે પણ એમણે ટકોર કરી કે, 'આ મંદિરમાં ત્રણસો સાધુઓ છે, દોઢસો સભામાં બેઠા છે અને દોઢસો પૂંછડાં ઝાપટે છે.' એમણે કહેવામાં કાંઈ બાકી નથી રાખ્યું. પરંતુ એ પૂંછડાં ઝાપટનારા દોઢસો સાધુઓને એમણે શિક્ષા કરી હોય એવું એમના જીવનચરિત્રમાં ક્યાંય લખેલું નથી.

ગુણાતીતાનંદ સ્વામીની વાતો અનંત છે, અપાર છે, અદ્‌ભુત છે ! તો એમનું જીવન કેવું હશે ? એમણે માત્ર ઉપદેશ નથી કર્યો, વિચારમાં પણ સતત અક્ષરબ્રહ્મપણાનો ભાવ, ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિ ! વાણીમાં પણ એ જ ભાવ, વર્તનમાં પણ એ જ ભાવ. અને પોતાની સાથે અને સંગતમાં જે કોઈપણ ચૈતન્ય આવ્યું એના હૃદયમાં પણ એ જ ભાવ સ્થાપિત કરવાનો એકમાત્ર ભાવ એ કરુણા કહેવાય, અનુગ્રહ કહેવાય, જીવ-પ્રાણી માત્ર ઉપરનો એમનો પ્રેમ કહેવાય ! આવા પ્રેમના દરિયા સમાન ગુણાતીતાનંદ સ્વામીને આપણે શી ઉપમા આપીશું ? અને એવા ગુણાતીતાનંદ સ્વામી હતા એમ નહીં, અત્યારે અને સમયે સમયે આપણને એ ખોળિયું જુદું રૂપ ધારણ કરીને મળ્યું છે એ આપણું સૌનું પસદ્‌ભાગ્ય છે !

પ્રેમસાગર એવા પ.પૂ. ગુરુહરિ સાહેબદાદાના શ્રી ચરણોમાં અને શ્રી ઠાકોરજીના શ્રી ચરણોમાં સંતો-ભક્તો વતીની પ્રાર્થના કે, આપને નિરામય રાખે. આપની પણ શતાબ્દી ઉજવાય, પણ એની સાથે સાથે આપ પોતે પણ આપના સ્વાસ્થ્યની કાળજી લેવાની કૃપા કરો એવી આપને નમ્ર પ્રાર્થના !

જય સ્વામિનારાયણ ! ◆



## કાકા હે ! અમર રહો... હૃદયાકાશે સદા રહો !

૧૯૫૨ની સાલ

ફેબ્રુઆરીની ત્રીજી તારીખ, રવિવારનો દિવસ !

શ્રી સ્વામિનારાયણ સત્સંગના અદ્વિતીય તીર્થધામ ગોંડલમાં શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ સન્મુખ ગુરુહરિ યોગીજી મહારાજ હાથ જોડી પ્રાર્થના કરે...

'હે મહારાજ ! દાદુભાઈને આપનાં દર્શનનું સુખ દો...'

અને આધુનિક યુગની એક દિવ્ય ઘટનારૂપે દાદુભાઈ, આપણા સૌના વ્હાલા બ્રહ્મસ્વરૂપ કાકાશ્રી અક્ષરબ્રહ્મના એ સમાધિસ્થાને ૭૨ કલાકની સમાધિમાં સ્થિર-સ્થિત થયા.

સમાધિમાંથી જાગી કાકાશ્રીએ જે પરાવાણીના ઉદ્‌ઘોષ કર્યા તેનો સાર એ હતો કે, 'સમાધિ દરમિયાન થયેલા સ્વયં શ્રીજી મહારાજના સાક્ષાત્કારના ફળસ્વરૂપે શ્રીજીના જ દિવ્ય તત્ત્વને યોગીમાં સાંગોપાંગ સાકાર દીઠું !' આ ક્ષણ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના ઈતિહાસમાં સુવર્ણ ક્ષણ હતી જ્યારે ભગવાનના પ્રગટ અને સાકારપણાનો સિદ્ધાંત સાક્ષાત્કાર દ્વારા વિશેષ દૃઢ થયો.

આપણે સૌ તો ભક્તિહૃદયવંદન સહ ઋણી છીએ જ; પરંતુ, આવનારી અનંત પેઢી ગુણાતીત બાગના એ સર્જક જ્યોતિર્ધર બ્રહ્મસ્વરૂપ કાકાશ્રીના શ્રી ચરણે ગદ્‌ગદભાવે ઋણસ્વીકાર સાથે સાષ્ટાંગ વંદન ધરતી રહેશે !

કાકા હે ! અમર રહો, હૃદયાકાશે છો, સદા રહો !





Divine Discourses of Sant Bhagwant Sahebji

# Spiritual Essence

Vachanamrut Gadhadha Antye 28 :
'Bhagwan na Marg ma thi padya nu' *[Falling from the Path of God]*
Sant Bhagwant Sahebji, Parmita Mandir, Brahmajyoti, Mogri, 8 March 2017

*Original Discourse in Gujarati Transcreated by : Bhavisha Tailor*

**Thereupon Shreeji Maharaj said, 'There are two ways in which a person falls from the path of devotion: one is by listening to *shushka-Vedanta* scriptures, and thereby considering the form of Shri Krishna Bhagwan and other forms of God to be false – in the same way that he considers all other forms to be false. One should know such a *shushka-Vedanti* to be extremely ignorant. The other way of falling from the path is by believing, 'If I worship God, then I will enjoy women, food, drink and other sense-pleasures in Golok and Vaikunth.' Then due to his weakness for those desires, he forgets even God. The distorted mind of such a fool thus believes that, 'If such enjoyment were not true then God would not associate with women such as Radhika, Lakshmiji etc. in that abode, therefore that pleasure is also true.'**

Bhagwan Swaminarayan is raising the red flag here to alert us to the obstacles that arise on the path of devotion. We are all followers of not only *sakar* but *pragat*[1] as well! God is eternally *sakar* and is always manifest through a Gunatit sadhu. To have complete *nirdosh-bhav*[2] for him is our devotion!

Bhagwan Swaminarayan is saying here, with reference to the *shushka Vedanti* – that in the world you will find so many intellectuals and logicians, and they will rationally convince you that the notion of God having a form – is false. The *Vedanti's* believe God to be formless, whereas we are saying, that God eternally has a form. *Vedanti's* will say that if you put water in a glass, it takes that shape – if you put it in a gourd, it takes on that shape and if you put it in a bucket, it will take the shape of the bucket. It takes on the form of whatever instrument you have, but in and of itself it has no form; it is formless. Going forward, many think that worshipping God - once we attain His *prasannata*[3], we attain the abodes of Golok or Vaikunth, where there is ample food, and we can feast, stay there and enjoy. And if that were not the case then why would God stay with Radha or Sita? The person with this type of belief thinks of God as being just like him, but it is due to his own flaws, his own desires and his own inclinations to enjoy sense pleasures, that he forgets God. In this way he perceives God to have *mayik-bhav*[4] or understands him to be formless and so he falls from the path of God. He thereby distances himself from God and from God's *prasannata* - whom we call *vimukh*.

That is why Maharaj says, 'God is eternally *sakar*.' No matter how great a logician tries to convince you, no matter what you read, what you hear – but our Lord took human form and manifested here. The essence of the Supreme Lord that manifested and graced these soils for 49 years, is still manifest in human form through the Gunatit sadhu. The reason is that Maharaj himself has given the promise that, 'I will remain manifest in this universe through the Gunatit sadhu.'

For what reason? During Maharaj's time, we have all somehow bumped into Him; have come into His association, somehow helped in His work, performed some seva of his Sadhu-Santo, or lovingly addressed his Sadhu-Santo. Having taken His refuge – the work of lifting all those souls above the

**[1] *Sākār* means to have a physical body just like us and *Pragat* means that God is eternally present within that physical body.**
**[2] To see no fault or blemish; the conviction and inner perception that he is faultless.**

**[3] When God or Guru is so pleased with you that it culminates in an outpouring of grace – this is called *prasannata*.**
**[4] *Mayik-bhav* means when one perceive's God or the Satpurush's actions as worldly instead of divine.**

level of mind, intellect, consciousness and ego and freeing them from emotional attachment and bondage – is not done in two to five years; it cannot be completed even in one whole lifetime. It is something that takes a very long time. That is why Maharaj said, 'For all such souls, we will stay and get them to live life in a state that is above the body, so they may enjoy the bliss of God right here, and for that we will stay with them continuously.'

If anyone falls ill, and contracts a very serious illness, the doctor hospitalizes them – so that the doctor can look after them, and the patient can recover. In the hospital, the patient will be monitored, will be given timely medication and if any complication were to arise, the doctor is present and can control it. In many places, there may be a good hospital but the doctor would be coming from Mumbai to perform the operation, and once the surgery is complete the doctor goes back to Mumbai. Actually, any intelligent person would not prefer to have his surgery in such a hospital. The reason is if the doctor himself is not going to be present afterwards then why have the surgery there? If any complication arises or the illness takes a turn – the doctor would not be there. The patient should be under the doctor's observation, so if the illness erupts or there is a complication, the doctor is there to control it and can immediately administer the appropriate treatment, and the patient can ultimately become free of his illness.

Similarly when man tries to rise above *deh-bhav*[5] by his own strength, he cannot – in fact it goes the other way. That is why when God and the Gunatit Satpurush are manifest, then man can perform his spiritual practice under their observation, and laughingly, joyfully, playfully attain *Gunatit-bhav*[6]. This is the kind of grace God has showered upon all of us and has stayed with us right here through the Gunatit sadhu. For him, we must have complete *nirdosh-bhav*! When we walk, talk, eat, speak – it is an expression of our own thoughts, inclinations and emotions. We eat something because we find it tasty; we do something because we are partial to it and we go to some place because we like it. Whereas when the Sant who has God within him – walks, talks, eats, speaks, drinks – it is not like us at all. In his every single activity, he is immersed in God and he carries out absolutely everything only to please his Lord. His every action is directed by God to make our *mayik-bhav* divine.

In the bhajan, *'Anant na sankalpo jivvani jindagani...'* it says, that according to our wishes, the Satpurush performs countless types of *leela*[7] to raise us above our *deh-bhav*. He does this to purify the soul that has come to him, and his every action is carried out to remove the worldliness from within them. Whatever actions we carry out are on the basis of our own desires, inclinations and attachments, whereas God and the Sant may carry out exactly the same actions, but they will only be to do good for the soul that has come to them. If we do not perceive this, then we will believe them to be just like us. We will think just as we enjoy food – so does He, and by having this type of *manushya-bhav*[8] we fall from the path of God.

That is why Bhagwan Swaminarayan has said in the Vachanamrut that, 'God is eternally *sakar, pragat* and divine.' If we live these three steps that Maharaj has told us, with complete faith: that God is eternally *sakar*, that He is *pragat* through the Gunatit sadhu and that He is divine, then regardless of how great our shortcomings, we will never fall from the path of God. Even if you are good, intelligent and living a pure life, but if you believe God to be formless, have *bhav-fer*[9] for His sadhus, have *manushya-bhav* for the incarnations of God, then God says that you will never find contentment or fulfillment. You will have only suffering and discord and nothing worthwhile will remain in your life; this is what it means to fall from the path of God. And even our discourse, dhun, bhajan and prayer – is so that we remain firm in the belief that for us, our Lord is eternally *sakar, pragat* and furthermore, flawless and divine. The Lord that is manifest through such a sadhu is the cause of all incarnations, and is the supreme Sahajanand Swami. It is through discourse that such an understanding of His *mahima*[10] comes.

---

**[5] *Deh-bhav* in a literal sense refers to the attachment we have with our bodies (and when we have forgotten that the 'soul' is our true self- which is separate from the body) i.e. all our desires, ego, emotions etc. Because we have deh-bhav we are prone to anger, infatuation, grief etc.**

**[6] Gunatit means above the *gunas*. This means above the three bodies : physical, subtle and causal; above the three gunas: rajas, tamas and sattva and above the three states of being: waking, dream and deep sleep. One who has risen above his body in all of these ways, is one who has *Gunatit-bhav*, and God resides eternally within such a person.**

**[7] *Leela* means 'divine play' and here refers to all sorts of actions that are divinely guided.**

**[8] Doubt in the divinity of God or the Satpurush – to think of Him or His actions as human or worldly and not divine.**

**[9] Negative perception or contempt.**

**[10] *Mahima* refers to an inner understanding of glory, virtues, qualities and greatness.**

It is with *dharma, gnan, vairagya* and *mahatmya*-filled *bhakti*[11] not just *bhakti* on its own – but devotion with the *mahima* of God, that one's *ekantik*[12] state becomes firm. Now say we absolutely certainly believe that He is eternally *sakar, pragat* and divine, but we are not able to maintain total *nirdosh-bhav* and *divya-bhav*[13] for Him. We are not able to maintain this for the Satpurush and nor are we able to maintain this for God's devotees. If we are able to do this, then it would be the conclusion of our spiritual endeavours, and after this however much you harmoniously immerse yourself in devotion with others, is the extent of the joy you will experience – this is what God wants to do for us.

Two reasons have been given for falling from the path of God. One is if we regard God as formless and the other is if we have *bhav-fer* for God or his Sant.

**.... Then Sura Khachar asked Shreeji Maharaj, 'Even after having the firm conviction and understanding of God and the Sant as they truly are, what is the reason for someone suffering a setback?' Then Shreeji Maharaj replied, 'There was a deficiency in the person's conviction, from the very onset.'**

What a wonderful thing Maharaj has said! Even if one has firm conviction, why does one fall back? Ordinarily, we see out in the world, that when a boy and a girl fall in love, they then have a love marriage. However, upto 40% of love marriages end up in divorce. Why does that happen? Many girls have a great attraction for money and think of money as being equivalent to happiness; so she has a wish to marry someone wealthy and finding such a boy, she falls in love with him. Many girls or boys have an attraction for good looks; if they see someone good looking, they fall for them. Many girls or boys fall for popularity – if the boy is a good sportsman or is campaigning for elections, they fall in love with that or if someone is very intelligent, is a first ranker, then they fall in love with that. Even if there is opposition from the community, they marry. We would think, they love each other so much! But when they fell in love, there was something there at the root – like money, talent or beauty and it was because of this that they fell in love. It was not purely love at first sight – or it was not one soul's love for the other soul. One can fall in love with someone wealthy, but wealth is volatile and depending on circumstances, if the business goes down and one becomes bankrupt, then the love that was previously felt vanishes and then they want a divorce. If one's partner is good-looking, but he or she meets with an accident and the shape of their face changes, the love disintegrates and one then wants a divorce. Whereas with a sportsman, once the period of five years or so is over and he goes completely downhill – then the quarrels and disputes begin and they separate. What this means is when they fell in love, it was not purely one soul falling in love with the other soul, but there was some other reason at its base.

Similarly when someone is suffering with health, business or family matters, they may come for *darshan* and take the refuge of God and the Sant - or because they want to marry, need a job, want to pass exams or want to win an election. If their wishes are fulfilled and they get what they want, they fall in love with God and the Sant, and their faith becomes firm. But then in order for them to progress, other wishes are not fulfilled and then they suffer a setback. Many seek praise and status; and if they come to God and you seat them, praise them etc., then they think, 'wow God is really great!' But God has come to carry out the work of dissolving precisely this – our attention and praise seeking egotism, our attachments – not to nurture our base nature; and so to take the egotistical devotee forward, circumstances arise where such a devotee faces insult. Shastriji Maharaj once told a bhakt, 'Patel, wash your feet and come back.' So the Patel left, and then never came back.

During a discourse, many people feel the person discoursing is talking about me; but this is not the case. It is not about you; we are talking about what God himself has said. But if those words hurt you, then that is your ego – then what other flaws do you need to look for? If one has a weakness for taste, then He will get you to fast; but even there you will have *bhav-fer*, and feel that He is not letting me eat. If you have a weakness for material things and you ask for it but don't get it, even there you fall into *bhav-fer*. If you anyhow acquire it by quarreling and fighting for it, then your conviction is not pure conviction.

Ashvinbhai, Shantibhai and Vratdhari Santo can be said to have pure conviction, because they have not set out to worship God with the hope of getting some thing, object or material gain. Even though there were no real facilities or arrangements for them to stay in Vidyanagar, they set out to live their lives for God. They would walk, or go by bicycle, or travel in trains or buses – even then they lived for God. Then came the cars, but if say tomorrow the car is taken away and is not available for them, even then they are going to worship God. They are

---

**[11] *Dharma* refers to faith that is underlined with righteousness and duty. Gnan is spiritual wisdom, vairagya refers to inner detachment and *mahatmya*-filled *bhakti* means devotion carried out with *mahima*.**

**[12] *Ekantik* state refers to one who has no desires other than God. The Ekantik bhakt is the highest level of devotee.**

**[13] *Nirdosh-bhav* and *divya-bhav* refers to the inner perception that He is faultless and divine.**

not going to leave Him. They are sometimes sent abroad, and sometimes they may not be sent, but even then the sentiment to live for God does not weaken in the slightest. If it is Ekadashi, they find joy even in fasting for God. Additionally, wherever Yogi Bapa kept them, they stayed lovingly and joyfully. Whatever work Bapa joined them to, they joined. Whichever Sant's *aagna*[14] they were put in to carry out their devotion, they joined. They received insult and praise. They never looked towards what things, facilities, material objects they didn't have; they accepted every circumstance as God's *prasad* and looking only towards God and Guru, carried out their devotion joyfully. They are doing this now as well, and that is what we call true love and conviction for one's Lord and one's Guru. This is the marker of these Vratdhari Santo having one hundred percent conviction!

Our householder devotees are also like this. Whether we seat them in the front or at the back, call out their name or not – take interest in their daily affairs or not – they have the understanding that God is all-knowing and I am praying and so He sees and knows everything. God will give; there is no need to ask. They are performing their devotion with this type of *nirdosh-bhav*, and that is what you call conviction.

If one sets out to worship God, or becomes a satsangee to nourish one's ego or for some material gain, and does not get this, then he or she will fall into *bhav-fer,* will fester from within and will argue and cause commotion. When this happens, it must be understood that the conviction of such a bhakt had some other objective at the onset. And if in any circumstance, any situation whatsoever – whether one is appreciated or insulted, whether things happen as one wishes or not, whether one gets their material wants or not, whether one gets to travel or not, whether one is sent elsewhere; in all of this, if one joyfully acquiesces no matter how one is kept or wherever one is bundled off to, then that is truly ripe conviction! That indicates the true sentiment to please God! That itself is true renunciation! Such Vratdhari Santo and such householders are worshipping God only with the sentiment to please Him; that is true conviction and that is what is being shown to us.

Maharaj is saying that when one carries out satsang on the basis of his ego, or for material gain, then one falls from the path of God through *bhav-fer* - one's conviction wavers, and when that happens, Maharaj says do an internal check. When you are festering from within, there is discord or quarreling, or *bhav-fer* for the Satpurush or for devotees, then do an internal check and find out why this is happening? Then God will certainly, certainly, certainly show you your shortcomings – and if you then do *dhun, bhajan* and prayer, you will become pure.

**Thereafter, Shreeji Maharaj asked Brahmanand Swami, Shuk Muni and Sura Khachar a question, 'What flaw do you possess which makes you fall back?'**

Who is Maharaj asking this question? Brahmanand Swami! Brahmanand Swami was a great renunciant. It was he who had said to Maharaj, 'There is no other Lord akin to you in this universe. Even if you give me two less yards of cloth, I will stay as you keep me, go where you send me, and do whatever you ask.' This is the kind of unparalleled conviction Brahmanand Swami had, and he was known to be like a friend to Maharaj. No matter what kind of serious situation would be at stake, Brahmanand Swami would make Maharaj laugh out loud. The other was Shuk Muni, who was an amazing orator and writer. Shuk Muni has written so many books on Maharaj! And thirdly Sura Khachar – a powerful and courageous man! Nothing could get in his way.

Once Maharaj was travelling somewhere and on the way, met a renunciant. The renunciant grabbed hold of the reins of Maharaj's horse and said, 'Oye, what new path have you started?' Because news of Swaminarayan had spread everywhere, people came to know of the Swaminarayan Sampradaya. For this reason such renunciants and tantriks began to receive less recognition in society and they were angered by this. This must have been one of those big, burly one's who grabbed the reins of Maharaj's horse and said, 'Why have you started this new path?' Maharaj said, 'I haven't started it… you see the person coming behind, with the white *pagh*, he has started it.' So he let go of Maharaj's horse and grabbed hold of Sura Khachar's horse and said, 'Why have you started this new path?' So Sura Khachar jumped off his horse, got the whip out and gave him a lashing and said, 'I've started it to give people like you a beating!' The renunciant yelled, 'Ok that's fine you started it, but now please let me go.' Sura Khachar understood that Maharaj has sent him to me, to set him straight. Understanding Maharaj's *ruchi, rahasya* and *abhipray*[15] Sura Khachar set that renunciant straight. Such was his boldness and conviction – that is who Maharaj is asking the question. Of the three people Maharaj is asking – Brahmanand Swami, Shuk Muni and Sura Khachar – one is a renunciant, the other a *brahmachari* and the third a devotee.

---

**[14] Any instruction given by God or Guru, which is always for our spiritual benefit**

**[15] Understanding will, intention or spiritual essence of a matter without any verbal instruction**

Maharaj is asking these three that, 'what is it that makes you fall back?' Actually speaking, Maharaj is asking us the question and using their names. If we were to shut our eyes and think, what is it that makes me have *bhav-fer* in satsang? Really what is it that makes us fall back in satsang? Think about this! When everything of ours is looked after, our respect is upheld, whatever things you need you get, if you want to go somewhere you don't need to ask or tell anyone. It doesn't matter where you go, who you meet, no-one is saying anything to you, but may be come tomorrow and there is some restriction, or you don't get what you want, you cannot go where you want to and some wish of yours is not fulfilled, then what will your state of mind be? That is why Maharaj is asking, 'When do you fall back?' He said it to these three, but actually Maharaj is posing the question to us. Think about it, which shortcoming of ours is it, that makes us fall back in satsang?

**The three of them answered, 'Maharaj ! We have the flaw of egotism; so if a sadhu of equal status insults us, we become somewhat disturbed.'**

See - that is ego. Ego! If the elders tell you off then its ok; actually many have a problem with that as well, so then where does the question of equals even arise?! Many don't even understand what we mean by equals. Elders – or the younger really don't know what this means. When we are insulted, we feel negatively towards that person or bear a grudge. If a sadhu of equal status insults us, then we become disturbed, we have *bhav-fer* from within.

**"…..[if] the Governor Sahib, who is the King of the whole world and extremely powerful – were to send one of his lowly servants – even a great king would obey the servant's directions and act according to whatever he is told. Why? Because the king has understood that he is the servant of the powerful Governor Sahib – and egotism cannot persist before one who is more powerful than oneself.'**

Maharaj has told us something that will so easily fit into our minds! God is all-powerful, the cause of all incarnations, the cause of all things, the inspirer of everyone's intellect, the agency behind everyone's actions and for us He is the all-doer. So whoever God is pleased with; it will be God that is acting through such a sadhu! And so if our Lord were to tell us off directly, we would have *bhav-fer* and for that reason he uses the sadhu to expose our own ego to us. At that time, if we bear it, humbly accept it, then our ego dissolves. If we do not, and we have *bhav-fer*, then our spiritual process is lengthened.

Maharaj gave the example of the Governor. At that time, India was not yet independent and was under British rule. During the British reign, even if the Governor's servant were to come to the princely states of Kathiawad, the kings would have to obey him. Today if we are travelling somewhere by car, and if the traffic police stops us at crossroads, then no matter how much of a rush we are in, no matter how quickly we want to go, whether we need to catch a train or a flight – we have to stop our car. The reason is that the policeman holds the authority of the government. If we do not obey him, and try to overtake, then we will either have an accident or the police will stop us and make us pay a fine. If we try to escape, then they will come behind us and bundle us into jail. Remember! We are not stopping the car out of love, we are stopping out of fear. If we do not obey the police, they will come after us on a motorcycle, take note of our number plate and then we will receive summons, have to go to court and then jail. Because of this fear, when the police raises his hand, we all stop.

Whereas when God's sadhu says something, we do not listen. That is what Maharaj is saying. When a Sant tells us off, admonishes us, gives us some task, if we listen to him and put his words into practice, believing that it is God working through him, then God says, your ego will dissolve, your shortcomings will go and you will become faultless. This is the *mahima* God has expressed. That is why He has said, perform your devotion with *mahatmya.* If you understand the *mahima* of the sadhu and bhakto in the way you accept the *mahima* of God, then nothing will pose as an obstacle in your keeping *nirdosh-bhav* or in following the *aagna* of the sadhu. You will feel so fortunate to have the seva of such devotees of God! It is with this *mahima* that we must perform the seva of bhakto in word, thought and deed! This is what we call *mahatmya*-filled bhakti!

**'….If one has realized God with the knowledge of His ultimate greatness, then how can egotism, jealousy or anger persist towards such a sadhu of God?'**

How can egotism still persist towards such a sadhu? Can one hold on to egotism in front of the sadhu? No, one must always be humble, must follow his *aagna* and do as he says. If we had done as we had wished, we would still be wandering out there in the world! He took us out of that and put us on the path of attaining humility and Gunatit-bhav. He has put us on that path so that we let go of our self-centeredness; and so believe the Sant to be *nirdosh*, follow his *aagna* – do as he says, then God will be pleased. Remember!

**'Then Shreeji Maharaj continued, 'Just look, Uddhavji was so great and so intelligent! Yet, because he had understood the ultimate greatness of God, he asked to be reborn as a vine so that he could be blessed by the dust from the feet of the *Gopis* who were so attached to God!'**

See? Uddhavji did not demean the Gopis. Uddhavji was so

good, intelligent and he was beloved to God, and yet he was humble. He really understood the *mahima* of God, and that is why he had so much *mahima* of the Gopis who worshipped God that he asked to become a vine, so that the dust from their feet could fall upon him! This is what he asked for.

**'Therefore if one realizes the greatness of God and the sadhu in this way, then egotism, jealousy and anger would simply not remain; rather one would act as the *dās* of the *dās*[16] towards them...'**

'*Dās* of the *dās* - we would act as the *dās* of God's *dās*, if we had the understanding of God and the Satpurush's immense greatness in our hearts! If someone tells us off, chides us, makes us get up from our seats two to four times; and we say 'sure!' – then it can truly be said that you have practiced *mahatmya*-filled bhakti. And God is so pleased with one who practices bhakti in this way, that no shortcoming can disturb such a devotee.

**'...and no matter however much [such a bhakt] is insulted, he would never ever wish to leave their company and go away from them. He would never think, 'how long should I be tolerating this? It would be better to just stay at home and engage in worship there.' That is why if one understands God's *mahatmya* in this way, then egotism is eradicated.'**

'I am at my wits end tolerating all of this, how much more should I tolerate?' This kind of thought would not arise. That is why *baheno* have sung in the bhajan, '*Yogi tari nirdosh-buddhi-na kyarey na aave aara, nathi dekhaata kinara...*'[17] For as long as you have *deh-bhav* all of this is going to continue – and if you are intelligent you will let go of this. We think, 'I don't want all this hassle; I'll sit in my room – at home and pray there, nothing can happen there.' If you sit alone, nothing can get in your way and no-one can get in your way; but your inner knots will stay as they are. That is why - stay together, stay with everyone. Just as you can never get a degree without taking an exam, you cannot attain the *ekantik* state without staying with bhakto and passing the tests of *nirdosh-bhav* and *divya-bhav*.

**'If a devotee of God were to be placed on a stake due to some *karma* of his, and I were to be standing next to him, the devotee would still not think, 'it would be good if God would free me from this pain.' In this way, he is not concerned about his own physical well-being and instead bears the hardship that befalls him. As a result, God becomes extremely pleased with such a devotee who is free of all expectations.'**

Maharaj is showing us what it means to have conviction. If a bhakt is put on the stake and Maharaj were to come and stand there, just before the rope is about to go round his neck, would anyone restrain themselves from saying 'Oh Maharaj, I offer devotion to you all day – so free me from this' ? Rather, 'Maharaj! Do as you please. Never mind if this body is hung on the stake, but this soul is only going to come to you.' In this way the thought for God to free you does not arise. One cannot have *bhav-fer* for God and God's sadhu just because of the body's pain, the body's activities, or to pamper the body. No matter whenever, whatever, wherever, however – the bhakt is one who bears it. Given the facility of a car – then fine, otherwise walk. Even in food and drink, whatever one gets, wherever, everything is ok. The *nishkam* bhakt is one who does not hold a grudge with God or the Sant for such reasons! Such a bhakt has no desires. He holds only one desire, and that is to please God!

The *nishkam* bhakt is one who does not faff about near God or the Sant in order to gain something material or worldly. Pappaji has also written in the *Sanjeevani Mantra*, 'Have absolute faith, that whenever, wherever, whatever is needed will and must be provided by Him.' Then why are you faffing about? Live your life as God's child, be alert and ready to do his work, and keep the constant inclination to spread God's *mahima*; then God will say, everything is yours!

When such *nishkam* bhakto do not get material or worldly things, and regardless of whether they are insulted or praised, they never, ever have *bhav-fer* for God or the Sant; no matter what the circumstance or situation – they never leave them, or distance themselves from them. It is such *nishkam* bhakto that God is extremely pleased with.

**'...only the person who does not believe the sense-pleasures to be his lifeline, experiences God's bliss; only he is able to indulge in it and only he attains it.'**

Such a bhakt does nothing forgetting God. He always keeps God, he always does whatever needs to be done to please God, he lives always connected to his Lord and Guru; God is eternally pleased with such a bhakt, and gives him ultimate fulfillment.

Jai Swaminarayan! ◆

---

**[16] *Dās* crudely translated means servant. To be the 'servant of the servant' refers to the spiritually elevated state of complete and natural submission, surrender, humility and servitude**

**[17] 'Yogi, your *nirdosh-buddhi* is constant/ unchanging; [whereas] we cannot see that shore...'**



# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ જાન્યુઆરી, મંગળવાર...** મંગલ પ્રભાતે પારમિતા મંદિરે દર્શનાર્થે પધાર્યા ત્યારે ઉપસ્થિત સૌ ભક્તોને નૂતનવર્ષના આશીર્વાદ પાઠવ્યા. પારમિતા મંદિરે રાત્રિસભામાં 'સ્વામિનારાયણ' મહામંત્ર જયંતી નિમિત્તે મહિમાની અદ્ભુત વાતો કરી.

**૨ જાન્યુઆરી, બુધવાર...** ઍલનટાઉન-યુ.એસ.એ. મંદિરેથી પધારેલ સાધુ પૂ. કૌશિકભાઈને સત્કારી આશીર્વાદ પાઠવ્યા. સાંજે વ્રતધારી સંત ભાઈઓની અઠવાડિક મીટિંગમાં પધારી સૌ ભાઈઓને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે ઔરંગાબાદ પરત પધારતા પવઈ મંડળના ભક્તોને વિદાય વેળાએ આશીર્વાદ પાઠવ્યા. રાત્રે પિયોરિયા-યુ.એસ.એ.થી પધારેલ ડૉ. જિતુભાઈ-રીટાબહેનને સત્કાર્યાં તેમજ ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૩ જાન્યુઆરી, ગુરુવાર...** સવારે પારમિતા મંદિરે અ.નિ. સાધુ પૂ. અર્જુનભાઈની ત્રયોદશી નિમિત્તે યોજેલ મહાપૂજામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. બપોર પછીથી ઓડ ગામમાં શાપુરજી-ભાનુબહેનના ફાર્મમાં સંત ભાઈઓ સાથે પધરામણી કરી ધૂન-પ્રાર્થના કરી. અહીં તેઓના સહાધ્યાયી મિત્ર શ્રી ઈન્દુભાઈને મળી ગોષ્ઠિનો આનંદ માણ્યો. રાત્રે ઓડ ગામમાં ભીખુભાઈ, શાપુરજીના ઘરે પધરામણી કરી પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે પાછા ફરતાં આણંદમાં ડૉ. પંકજભાઈ પરીખની હૉસ્પિટલમાં સારવાર લઈ રહેલ યુ.કે. નિવાસી વ્રતધારી સંત પૂ. ભૂપેન્દ્રભાઈના સ્વાસ્થ્યલાભ માટે મળવા પધારી તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી. ડૉ. પંકજભાઈને ગોષ્ઠિનો લાભ આપીને પરત બ્રહ્મજ્યોતિ પધાર્યા.

**૪ જાન્યુઆરી, શુક્રવાર...** પારમિતા મંદિરે યોજેલ યુ.એસ.એ. નિવાસી પરેશાબહેન-જયેશભાઈના દીકરા ચિ. સની-ચિ. બેકીનાં લગ્નની મહાપૂજામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. સાંજે ઍલિકોન એન્જિ. કું.ના ચૅરમૅન અને મૅનેજિંગ ડાયરેક્ટર શ્રી પ્રયાસવિનભાઈને મળવા પધાર્યા. ત્યારબાદ બાદ ઍલિકૉન ગ્રુપ દ્વારા ચાલતી ક્રિકેટ ઍકેડેમીની મુલાકાત લીધી.

**૫ જાન્યુઆરી, શનિવાર...** સવારે શમશાબાદ-હૈદરાબાદથી પધારેલ રાકેશભાઈ-રીટાબહેન તથા પરિવારજનોને સત્કાર્યાં. સાંજે કૅનેડાથી પધારેલ ભક્તોને સત્કારી ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૬ જાન્યુઆરી, રવિવાર...** સવારે સૌની ભાવભરી વિદાય લઈ ભાવનગરમાં ગૌરવભાઈ (શેઠ બ્રધર્સ)ના ઘરે પધારી પરિવારજનોને ગોષ્ઠિનો લાભ આપ્યો. ઓધવજીભાઈના ઘરે પધરામણી કરી અજયભાઈ-નીતાબહેનના ઘરે પધાર્યા. સાંજે ભાવનગરનાં નેહાબહેન શેઠ, મહેશભાઈ દીક્ષિત, નીતાબહેન દવે, કૈલાસ યાત્રી, રાજ્યગુરુ આદિ અનેક સ્થાનિક ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું. રાત્રે પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીના પ્રાગટ્યપર્વની સભામાં પધારી પ.પૂ. હરિપ્રસાદ સ્વામીનાં જીવન-માહાત્મ્યની અદ્ભુત વાતો કરી સૌને આશીર્વાદ પાઠવ્યા. ઓધવજીભાઈના બંગલે પધારી રાત્રિરોકાણ કર્યું.

**૭ જાન્યુઆરી, સોમવાર...** સવારે ઓધવજીભાઈના પરિવારજનોને સત્સંગનું સુખ આપી કૈલાસયાત્રી રાજ્યગુરુના ઘરે પધરામણી કરી સૌ પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. ભાવનગરથી ધારી પ્રતિ પ્રયાણ કર્યું. સવારે રસ્તામાં ઢસા ચોકડી પર સંગીતાબહેન, કલ્પનાબહેન આદિ પરિવારજનોને આશિષ પાઠવી ધારી પધાર્યા. પૂ. અરુણભાઈ, ડૉ. જસાણીસાહેબ આદિ સૌએ ભાવથી સત્કાર્યા. દામનગરથી પધારેલ અમરસિંહભાઈ અને સૌ મુક્તો સાથે ગોષ્ઠિ કરી. રાત્રે હૉસ્ટૅલમાં પધારી નિવાસી દીકરીઓને આશીર્વાદ પાઠવ્યા. રાત્રિરોકાણ ધારી 'ઉપાસના' મકાનમાં કર્યું.

**૮ જાન્યુઆરી, મંગળવાર...** સવારે દર્શન-સમાગમનું સુખ લેવા માટે ખાસ પધારેલ વિસાવદર, ભીંગરાડ તથા નાના કોટડા મંડળના અક્ષરમુક્તોને સત્સંગનું સુખ આપી યોગીજી મહારાજના પ્રાગટ્યસ્થાનના મંદિરે પધારી સૌનાં સુખદ જીવન માટે ધૂન-પ્રાર્થના કરી. કૉલેજના હૉલમાં યોજેલ સભામાં યોગીજી મહારાજ મહાવિદ્યાલયમાં ભણતી દીકરીઓને તથા તેમાં સેવા આપતા સૌ કાર્યકર્તાઓને નૂતન વર્ષના પ્રારંભે આશીર્વાદ પાઠવ્યા. બપોર

પછીથી ધારીથી સીધા અમદાવાદમાં નરશીદાસ-ચુનીભાઈના નિવાસસ્થાન 'યુનિટી'માં રાત્રિરોકાણ માટે પધાર્યા. રાત્રે માણાવદરના સાધુ પૂ. હરેશભાઈ ઝાલાવાડિયાના સ્વાસ્થ્યલાભ માટે પ્રાર્થના કરી આશીર્વાદ પાઠવ્યા.

**૯ જાન્યુઆરી, બુધવાર...** સવારે ઉપાસના ધામ મંદિરે દર્શન-પ્રાર્થના કરી ઉપસ્થિત સ્થાનિક ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. ન્યૂઝીલૅન્ડ નિવાસી અમિતાબહેન તથા દીકરા ચિ. હૃદયને આશીર્વાદ પાઠવ્યા. ઉપાસના ધામથી સૌની વિદાય લઈ સીધા દહેગામમાં વાડીભાઈના ઘરે યોજેલ સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. બપોરે ઝવેરભાઈના ઘરે પધરામણી કરી સૌ પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. વિશેષ ધર્મેન્દ્રભાઈ-શર્મિલાબહેનના દીકરા ચિ. હિત-ચિ.શ્રદ્ધાનાં લગ્ન થવાનાં હોવાથી નવદંપતીને આશીર્વાદ આપવા તેઓના ઘરે પધાર્યા. સાંજે રખિયાલમાં ચિમનભાઈના ઘરે પધરામણી કરી. શિવપુરાકંપામાં નટુભાઈના ઘરે પધારી સભામાં સૌ ગ્રામજનોને આશીર્વાદ પાઠવ્યા. રમણભાઈના ઘરે પધરામણી કરી દહેગામમાં વાડીભાઈના ઘરે પધારી રાત્રિરોકાણ કર્યું.

**૧૦ જાન્યુઆરી, ગુરુવાર...** સવારે દહેગામથી બિલેશ્વરકંપા પધાર્યા. સૌ સ્થાનિક ભક્તોનો સત્કારભાવ ઝીલી મનસુખભાઈના ઘરે સમગ્ર ગ્રામજનોની ઉપસ્થિતિમાં યોજેલ સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. બપોરે તલોદમાં બિપિનભાઈ-મૂર્તિબહેનના ઘરે પધાર્યા. સાંજે મોડાસામાં ન્યૂ લીપ સ્કૂલના ચોગાનમાં યોજેલ સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. રાત્રિરોકાણ બોરડીટીંબામાં સવજીબાપાના મૂળ નિવાસસ્થાને કર્યું.

**૧૧ જાન્યુઆરી, શુક્રવાર...** સવારે સ્થાનિક ભક્તોને સત્સંગલાભ આપી દિલીપભાઈના ઘરે પધરામણી કરી. સાંજે બાયડમાં ધીરુભાઈ, મનુભાઈના ઘરે પધરામણી કરી પરિવારજનોને સત્સંગનું સુખ આપી સાઠંબા મંદિરે પધાર્યા. સૌ ગ્રામજનોના સ્વાગતના ભાવ ઝીલ્યા. મંદિરમાં યોજેલ સભામાં સૌને આશીર્વાદ પાઠવ્યા. વસંતભાઈના સમગ્ર પરિવારજનોની સેવા-ભક્તિને બિરદાવી રાત્રિરોકાણ માટે શાન્તિપુરાકંપામાં પ્રકાશભાઈ-પ્રભાબહેનના ઘરે પધાર્યા.

**૧૨ જાન્યુઆરી, શનિવાર...** સવારે મંગલપૂજામાં પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. શાન્તિપુરાકંપામાં પૂ. રામજીબાપા પરિવાર દ્વારા નિર્માણ પામેલ નૂતન આવાસમાં ગૃહપ્રવેશ તેમજ નૂતન ઘરમંદિરમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા નિમિત્તે યોજેલ મહાપૂજામાં સંતો સાથે પધારી સૌનાં સુખદ જીવન માટે પ્રાર્થના કરી અને સભામાં સૌને અદ્‌ભુત આશીર્વાદ પાઠવ્યા. રાત્રે બ્રહ્મજ્યોતિ પરત પધાર્યા.

**૧૩ જાન્યુઆરી, રવિવાર...** સાંજે વિદ્યાગુરુ વિઠ્ઠલકાકાના શતાબ્દી પ્રાગટ્યપર્વની ડી. એન. હાઈસ્કૂલ-આણંદના ચોગાનમાં યોજેલ સભામાં પધારી તેઓનાં જીવન-માહાત્મ્યની અદ્‌ભુત વાતો કરી સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૧૪ જાન્યુઆરી, સોમવાર...** સવારે ઝોળી પર્વ નિમિત્તે પારમિતા મંદિરમાં ઉપસ્થિત સંતો-ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. સંતો સાથે બારીન્દ્રભાઈ, જયગોપાલભાઈ, શાન્તિમામા, રમેશભાઈના ઘરે ઝોળી માંગવા પધારી દર્શન-સ્મૃતિ-આશિષનો લાભ આપ્યો.

**૧૫ જાન્યુઆરી, મંગળવાર...** સવારે ચેન્નાઈથી પધારેલ ઝવેરીભાઈ-રક્ષિતાબહેનને સત્કારી ગોષ્ઠિનો લાભ આપ્યો. સિડની ઑસ્ટ્રેલિયાથી પધારેલ દીપેન રૂગાણી તેમજ ઑસ્ટ્રેલિયાની ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કૅપ્ટન શ્રી ઍલન બૉર્ડરને સત્કાર્યા. લૉસ ઍન્જલસ યુ.એસ.એ.થી પધારેલ વિષ્ણુમામા-સ્મિતામામીને આશીર્વાદ પાઠવ્યા. સાંજે બ્રહ્મજ્યોતિમાં 'નૈમિષારણ્ય - C' બ્લૉકની અગાસી પર ઍલન બૉર્ડર અને મહેમાનો સાથે પધારી ઉત્તરાયણ પર્વ નિમિત્તે મોટી સંખ્યામાં પધારેલ બ્રહ્મજ્યોતિ પરિવારના સૌ યુવાનો-ભક્તોને આનંદ કરાવ્યો.

**૧૬ જાન્યુઆરી, બુધવાર...** 'વર્લ્ડ પીસ યોગા સ્કૂલ', ઋષિકેશના સ્થાપક પૂ. યોગી વિષ્ણુજીને સત્કારી ગોષ્ઠિનો આનંદ માણ્યો. બપોરે શિવાનંદ આશ્રમથી પધારેલ પૂ. અધ્યાત્માનંદ સ્વામીને સત્કાર્યા. સાંજે વડોદરામાં કલકત્તાનિવાસી શંકરભાઈના સુપુત્ર ચિ. હર્ષનાં લગ્ન પૂર્વે યોજેલ કીર્તનસંધ્યામાં સંતો-ભક્તો સાથે પધારી સમગ્ર વિશ્રામબાપા પરિવારના મુક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૧૭ જાન્યુઆરી, ગુરુવાર...** સવારે મંદિરમાં ધૂન-પ્રાર્થના કરી ક્રિકેટર શ્રી ઍલન બૉર્ડરને ભાવભરી વિદાય પાઠવી ચરોતર ગૅસ સહકારી મંડળી લિ.ના નૂતન I.T.I. ટ્રૅનિંગ સૅન્ટરના લોકાર્પણ પ્રસંગે પધારી આશીર્વાદ પાઠવ્યા. સાંજે ઋષિકેશથી પધારેલ પૂ. યોગી વિષ્ણુજી તથા ચેન્નાઈથી પધારેલ ઝવેરીભાઈ-રક્ષિતાબહેનને ગોષ્ઠિનો લાભ આપ્યો. રાત્રે પારમિતા મંદિરમાં પૂ. અધ્યાત્માનંદ સ્વામી દ્વારા 'ગીતા' પારાયણમાં પધારી કથામૃતનું પાન કર્યું. રાત્રે સૌ સ્થાનિક ભક્તોને બ્રહ્માનંદ કરાવ્યો.

**૧૮ જાન્યુઆરી, શુક્રવાર...** સવારે ઋષિકેશ પરત પધારતા પૂ. યોગી વિષ્ણુજીને વિદાયવેળાએ આશીર્વાદ પાઠવ્યા. સવારે ડી. એન. હાઈસ્કૂલમાં પૉસ્ટલ વિભાગ-આણંદ દ્વારા યોજેલ 'આણંદપેક્સ-૨૦૧૯' કાર્યક્રમમાં પધારી મહાત્મા ગાંધીએ દાંડીકૂચ વેળાએ અત્યારે જ્યાં પ્રાર્થના મંદિર છે ત્યાં રાતવાસો કર્યો હતો, તેની સ્મૃતિમાં તૈયાર કરાયેલ સ્પેશ્યલ કવરનું વિમોચન કર્યું તથા સૌને

આશીર્વાદ પાઠવ્યા. ત્યારબાદ 'ફિલાટેલિક પ્રદર્શન'નું ઉદ્ઘાટન કરી વિવિધ પ્રકારની સ્ટેમ્પ્સ નિહાળી. ત્યારબાદ કુંજવિહારીભાઈના સ્વાસ્થ્યલાભ માટે તેઓના ઘરે પધારી પરિવારજનો સાથે ગોષ્ઠિ કરી તેમજ કુંજવિહારીભાઈના નિરામય સ્વાસ્થ્ય માટે ધૂન-પ્રાર્થના કરી સૌને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે પારમિતા મંદિરમાં પૂ. અધ્યાત્માનંદ સ્વામીકથિત પારાયણનો લાભ લીધો.

**૧૯ જાન્યુઆરી, શનિવાર...** સવારે યુ.એસ.એ.થી પધારેલ દીપ્તિબહેન, દીપા અને ગુરુસભાના યુવક દીપ ઠક્કર તેમજ કોઈમ્બતુરથી પધારેલ ઉદયનભાઈ-નયનાબહેનને સત્કારી આશીર્વાદ પાઠવ્યા.

**૨૦ જાન્યુઆરી, રવિવાર...** સાંજે બ્રહ્મજ્યોતિમાં વિદ્યાગુરુ ડૉ. આર. ડી. પટેલસાહેબના શતાબ્દી પર્વની સભામાં પધારી તેઓનાં જીવન-માહાત્મ્યની અદ્ભુત વાતો કરી ભાવાંજલિ અર્પણ કરી.

**૨૧ જાન્યુઆરી, સોમવાર...** સવારે પારમિતા મંદિરે પાટોત્સવ પ્રસંગે પધારી સૌને અદ્ભુત આશીર્વાદ પાઠવ્યા. ત્યારબાદ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી તથા અનુપમ મિશનના વ્રતધારી સંત ભાઈઓના દીક્ષાદિન અને પારમિતા મંદિરના પાટોત્સવ નિમિત્તે યોજેલ સભામાં સૌને આશીર્વાદ અર્પણ કર્યા. સાંજે ઉપસ્થિત સૌ ભક્તોને ગોષ્ઠિનો આનંદ કરાવ્યો.

**૨૨ જાન્યુઆરી, મંગળવાર...** સવારે પ્રજ્ઞાનતીર્થની મુલાકાત લઈ ચાલી રહેલ બાંધકામ તેમજ શૈક્ષણિક પ્રવૃત્તિઓ નિહાળી કાર્યકર્તાઓને આશીર્વાદ પાઠવ્યા. સાંજે નિજાનંદમાં યોગેન્દ્રભાઈ-મીનુબહેન દ્વારા આયોજિત માટલા ઊંધિયાના કાર્યક્રમ નિમિત્તે એકત્ર થયેલ તેઓનાં સગાં-સ્નેહી મિત્રોને મળી સૌને સત્સંગનું સુખ આપ્યું.

**૨૩ જાન્યુઆરી, બુધવાર...** બ્ર.સ્વ. યોગીજી મહારાજના ૪૯મા નિર્વાણદિને સવારે પારમિતા મંદિરે આરતી કર્યા બાદ હૃદયકુંજમાં પધરાવેલ યોગીબાપાની મૂર્તિ સમક્ષ સૌ સંતો-ભક્તો સાથે પધારી ધૂન-પ્રાર્થના તેમજ પુષ્પાંજલિ અર્પણ કરી તેમજ માહાત્મ્યગાન કરી આશીર્વાદ પાઠવ્યા. સાંજે નિર્વાણ સ્મૃતિદિન નિમિત્તે અનુપમ સૂરવૃંદ દ્વારા આયોજિત શ્રી સ્વામિનારાયણ ભગવાન નિર્મિત છ મંદિરોની ગાથા પરની વિશિષ્ટ કીર્તનસંધ્યામાં પધારી કીર્તન-ભક્તિનો અનેરો આનંદ માણ્યો તેમજ સૌને બિરદાવી પધારેલ સૌ મુક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૪ જાન્યુઆરી, ગુરુવાર...** સવારે શ્રી ક્રિષ્ના હૉસ્પિટલ-કરમસદમાં વિજયભાઈ-ભીખુભાઈ પટેલ યુ.કે.ના અનુદાનથી નિર્મિત થયેલ 'ક્રિટિકલ કૅર યુનિટ'ના લોકાર્પણ પ્રસંગે પધારી સભામાં તેઓની સેવા-ભક્તિને બિરદાવી ઉપસ્થિત સૌ મુક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૫ જાન્યુઆરી, શુક્રવાર...** યુ.કે.થી પધારેલ ભીખુભાઈ-વિજયભાઈ તથા તેઓના સ્નેહી મિત્રોને પારમિતા મંદિરે સત્કારી સૌને આશીર્વાદ પાઠવ્યા. તેઓ સૌને ભોજનમાં માટલા ઊંધિયાનો વિશેષ આનંદ અપાવ્યો.

**૨૬ જાન્યુઆરી, શનિવાર...** સવારે યોગી વિદ્યાપીઠમાં પ્રજાસત્તાકદિન નિમિત્તે યોજેલ સમારંભમાં સંતો-મહેમાનો-ભક્તો સાથે પધારી ધ્વજવંદન કર્યું તેમજ ઉપસ્થિત સૌ વિદ્યાર્થીઓ, શિક્ષકો, કાર્યકર્તાઓને તેમજ આ પ્રસંગે પધારેલ સૌ મહેમાનો, વાલીઓ, અક્ષરમુક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૭ જાન્યુઆરી, રવિવાર...** બપોરે વેમાર મંદિરે પધારી ચંદ્રકાંતભાઈના જન્મદિન પ્રસંગે યોજેલ સભામાં સૌને ચંદ્રકાંતભાઈના મહિમા અને સમર્પણની વાતો કરી સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૨૮ જાન્યુઆરી, સોમવાર...** સાંજે અમદાવાદથી પધારેલ પ્રવીણભાઈ કોટકને આવકારી તેઓની સેવા-ભક્તિને બિરદાવી ગોષ્ઠિનો લાભ આપ્યો. તેઓને લઈ નૂતન મંદિર સ્થળે પધારી મંદિરનિર્માણની પ્રવૃત્તિઓ નિહાળી તેમજ સેવા કરતા સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૨૯ જાન્યુઆરી, મંગળવાર...** સવારે નેચરક્યૉર સૅન્ટરમાં સ્વાસ્થ્યલાભ માટે સારવાર લીધી. સાંજે વ્રતધારી ભાઈઓની સાથે નૂતન મંદિર તેમજ નૂતન કૅમ્પસ પ્લાનિંગને નિહાળી સમગ્ર આયોજનની સુંદર સમજ આપી આશીર્વાદ પાઠવ્યા. રાત્રિસભામાં યુ.એસ.એ.થી પધારેલ પદ્માબહેન તથા દીકરા રાજને સત્કારી આશીર્વાદ પાઠવ્યા. રાત્રે સૌને ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૩૦ જાન્યુઆરી, બુધવાર...** સવારે કાનની સારવાર માટે ડૉ. મેહુલભાઈની હૉસ્પિટલમાં પધાર્યા. સાંજે યુ.એસ.એ.થી પધારેલ ડૉ. સપન (ઑર્થોપેડિક સર્જન) તેમજ ડૉ. દીપા (ડેન્ટિસ્ટ)ને સુખદ જીવન માટે આશીર્વાદ પાઠવ્યા.

**૩૧ જાન્યુઆરી, ગુરુવાર...** સવારે અમદાવાદમાં ઉપાસના ધામ મંદિરે દર્શન-પ્રાર્થના કરી સ્વાસ્થ્યલાભ માટે ડૉ. તેજસભાઈ પટેલની હૉસ્પિટલમાં પધાર્યા. બપોરે દિવ્યેશભાઈ-અમીબહેનના ઘરે પધરામણી કરી. સાંજે પંકજભાઈ-રેણુકાબહેનના 'ચંચલ પાર્ટી પ્લૉટ'માં પધારી અનુપમ સૂરવૃંદ દ્વારા આયોજિત વિશિષ્ટ કીર્તન આરાધનામાં પધારી આનંદ માણ્યો તથા ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. રાત્રિરોકાણ માટે દિવ્યેશભાઈના ઘરે પધાર્યા. ◆

# સત્સંગ સમાચાર

## દહેગામના 'સાયોમૃત' મંદિરનો પાટોત્સવ

૧૬ જાન્યુઆરીના રોજ સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી દહેગામમાં વાડીભાઈ–ક્રિષ્ણાબહેનના નિવાસસ્થાન 'સાયોમૃત'માં નિર્મિત હરિમંદિરના શ્રી ઠાકોરજીના પાટોત્સવની વંદના સદ્‌ગુરુ સંત પૂ. હર્ષદદાદા, પૂ. ગોવિંદભાઈ, પૂ. ગૌતમભાઈ, પૂ. બિમલભાઈ અને પૂ. નિખિલભાઈ આદિ સંતોની ઉપસ્થિતિમાં અર્પણ કરવામાં આવી. આ પ્રસંગે પાટોત્સવ મહાપૂજાનું આયોજન થયું, જેમાં સ્થાનિક અક્ષરમુક્તોએ યજમાનપદે બિરાજી ભક્તિ અદા કરી. પૂ. ગૌતમભાઈ, પૂ. ગોવિંદભાઈએ આશીર્વાદ વરસાવી સૌને માર્ગદર્શન આપ્યાં. મંદિર, ભગવાન, ગુરુ જીવનનું કેન્દ્ર બને, સંપ, સુહૃદભાવ ને એકતા અંદરોઅંદર વધતી રહે, માહાત્મ્યથી સેવાઓ થાય, શ્રદ્ધા, સમર્પણ સહજ દૃઢ થાય તેવા આશીર્વાદ પૂ. હર્ષદદાદાએ વરસાવ્યા. ◆

## પરમ એકાંતિક મુક્તરાજ પૂ. ડૉ. આર. ડી. પટેલસાહેબ શતાબ્દી વંદના

પરમ આદર્શ વિદ્યાગુરુ અને અનુપમ અધ્યાત્મયોગી, વિજ્ઞાન અને અધ્યાત્મના સમન્વયની અનન્ય મૂર્તિ પૂ. ડૉ. આર. ડી. પટેલસાહેબના શતાબ્દીપર્વનું આયોજન સંતભગવંત સાહેબજીનાં માર્ગદર્શને ૨૦ જાન્યુઆરીના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પર થયું. સંતભગવંત સાહેબજીની દિવ્ય સંનિધિમાં, સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાના પ્રમુખસ્થાને શિક્ષણવિદ્ માનવંતા મહેમાનો–સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રૉ. વાઈસ ચાન્સેલર શ્રી ડૉ. નરેશભાઈ વેદ, ચારુસેટના પૂર્વ પ્રૉવોસ્ટ શ્રી ડૉ. એમ. સી. પટેલ તથા શિક્ષણજગતના શ્રેષ્ઠીઓ, પરિવારજનો અને અક્ષરમુક્તોની ઉપસ્થિતિમાં આ ભક્તિમય કાર્યક્રમ સંપન્ન થયો.

શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાને આત્મસાત્ કરી પરમ એકાંતિક સ્થિતિને પામી અનેકના રાહબર બન્યા તેવા આદરણીય પૂ. આર. ડી. પટેલસાહેબને પૂ. શાંતિદાદાએ માહાત્મ્યગાન દ્વારા વંદનાઓ ધરી. યુ.એસ.એ.ના ડૉ. વીરેન્દ્રભાઈ અને ડૉ. જિતુભાઈએ પ્રાસંગિક માહાત્મ્યગાન કરી પૂ. આર. ડી.કાકાના જીવનનું અદ્‌ભુત દર્શન કરાવ્યું. ઉપાસનાના હાર્દને જીવનવર્તનમાં સિંચી, પોતાના સ્વભાવથી ઉપર ઊઠી, પોતાના શિષ્યને ગુરુ માની પ્રભુનો સર્વોપરીભાવે સ્વીકાર કરી, એકાંતિક અવસ્થાને પામેલા આર. ડી.કાકાના અનુપમ જીવનનાં દર્શનને ડૉ. મનોજભાઈ સોનીએ વર્ણવ્યું.

માનવંતા અતિથિશ્રીઓ શ્રી ડૉ. નરેશભાઈ વેદ અને શ્રી ડૉ. એમ. સી. પટેલ દ્વારા આર. ડી.કાકા સાથેના પ્રસંગોની હારમાળાનાં વર્ણન સહિત માહાત્મ્યવંદના અર્પણ કરાઈ. પૂ. અશ્વિનદાદાએ પ્રાસંગિક મહિમાગાન કરી આર. ડી.કાકાના ગુણાતીત સ્વરૂપો પ્રતિના પૂજ્યભાવને વર્ણવ્યું. આ પ્રસંગે આર. ડી.કાકાના સ્વાનુભવોના રૅકોર્ડેડ પ્રવચનનાં શ્રવણ કરી સૌ ધન્ય થયાં. આ પ્રસંગે ઉપસ્થિત આર. ડી.કાકાનાં પરિવારજનોએ પણ શતાબ્દી વંદના અર્પણ કરી. અંતે સંતભગવંત સાહેબજીએ આર. ડી.કાકાનાં જીવનપરિવર્તન અને જીવનમાહાત્મ્યની અનુપમ વાતો કરી સૌને આશીર્વાદ આપ્યા. આ પ્રસંગે અનુપમ મિશન, યુ.એસ.એ.ના ટ્રસ્ટી ડૉ. જિતુભાઈ પટેલના ૭૩મા જન્મદિનની ઊજવણી કરવામાં આવી. કૅક કર્તન કરી, તેમનાં સમર્પણ અને ભક્તિનાં મહિમાગાન કરી જન્મદિનની શુભેચ્છાઓ અર્પણ થઈ. ◆

## પોષીપૂર્ણિમા ઉત્સવ, બ્રહ્મજ્યોતિ–મોગરી

અનાદિ મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીનો મહામંગલકારી દીક્ષાદિન, અનુપમ મિશનના સંતોનો વ્રતધારણ દિન અને બ્રહ્મજ્યોતિ, મોગરીના પારમિતા મંદિરે બિરાજમાન શ્રી ઠાકોરજીના પાટોત્સવની કલ્યાણકારી તિથિનું મહાપર્વ અનુપમ મિશન, મોગરી ખાતે સંતભગવંત સાહેબજીની દિવ્ય ઉપસ્થિતિમાં ૨૧ જાન્યુઆરીના રોજ ભવ્યતાથી ઉજવાયાં. આ પાવન પ્રસંગે હરિધામ, સોખડાથી પૂ. પ્રેમસ્વરૂપ



બ્રહ્મજ્યોતિ, મોગરી સ્થિત પારમિતા મંદિરના શ્રી ઠાકોરજીની પાટોત્સવ વિધિ



ડૉ. જિતુભાઈ પટેલના ૭૩મા જન્મદિને અભિવાદન !

સ્વામી અને સંતો, સમઢિયાળાથી પૂ. નિર્મળ સ્વામી અને સંતો, શિકાગો અને પવઈથી પૂ. દિનકરભાઈ, પૂ. વશીભાઈ અને સંતો, શિવાનંદ આશ્રમના પૂ. અધ્યાત્માનંદ સ્વામી, ગુણાતીત જ્યોતનાં પૂ. દેવીબહેન અને સંત બહેનો તેમજ અન્ય અનેક ગણમાન્ય મહાનુભાવો તથા અનુપમ મિશનના દેશ-પરદેનાં અનેક અક્ષરમુક્તો ઉપસ્થિત રહ્યાં.


પોષીપૂનમની મંગલ પ્રભાતે સૌ પારમિતા મંદિરે શ્રી ઠાકોરજી મહારાજ સમક્ષ એકત્ર થયાં. પાટોત્સવના આ પુણ્યશાળી દિવસે સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોએ પ્રભુ પાસે નિર્દોષબુદ્ધિ અને દિવ્યભાવ સૌમાં જડબેસલાક દૃઢ થાય તે માટે સવિશેષ પ્રાર્થનાઓ કરી. સૌ પ્રથમ ડૉ. મનોજભાઈ સોનીએ પોષીપૂર્ણિમાનાં માહાત્મ્ય સમજાવ્યાં અને શ્રી ગુણાતીતાનંદ સ્વામીના ૨૦૯મા દીક્ષાદિન, સંતભગવંત સાહેબજી અને અનુપમ સંતોના દીક્ષાદિનનાં ૫૧ વર્ષ પૂર્ણ થયાં તેમજ શ્રી ઠાકોરજીની મંદિરમાં સ્થાપનાનાં ૨૬ વર્ષ પૂર્ણ થયાં તે ઉમંગને વધાવ્યો. સૌ યજમાનો પાટોત્સવ પૂજન માટે સ્વસ્થાને બિરાજ્યા હતા. સંતોએ પાટોત્સવ પૂજનની દિવ્યવિધિનો શાસ્ત્રોક્ત ઢબે આરંભ કર્યો. સૌ પ્રભુમૂર્તિમાં લીન થયાં. યજમાનોનાં કંકણ બંધન અને ભાલે પૂજન થયાં.


શ્રી સહજાનંદ સ્વામીની મૂર્તિ સમક્ષ સંતભગવંત સાહેબજી, શ્રી ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ સમક્ષ પૂ. દિનકરભાઈ, ગોપાળાનંદ સ્વામીની મૂર્તિ સમક્ષ પૂ. નિર્મલ સ્વામી, શ્રી ગણપતિ દેવ અને શ્રી હનુમાનજી દેવ સમક્ષ સમક્ષ પૂ. હર્ષદભાઈ અને પૂ. વશીભાઈ, શ્રી ભગતજી મહારાજ અને શ્રી જાગાસ્વામીની મૂર્તિ સમક્ષ પૂ. અધ્યાત્માનંદ સ્વામી અને પૂ. હિંમત સ્વામી, શ્રી શાસ્ત્રીજી મહારાજ અને શ્રી યોગીજી મહારાજની મૂર્તિ સમક્ષ પૂ. અશ્વિનદાદા અને પૂ. શાંતિદાદા પધાર્યા અને પાટોત્સવ પૂજન કર્યાં.


'જનમંગલ નામાવલિ', 'રુચિર સ્તોત્રમ્' તથા પ્રભુમાહાત્મ્યનાં ભજનોનાં સુમધુર ગાન સંતોએ કર્યાં તે દરમિયાન સૌ સંતો અને યજમાનોએ પ્રભુમૂર્તિનાં ચરણ પખાળી દિવ્યભાવે વંદનાઓ ધરી. ઉપસ્થિત સૌએ મનોમન વંદનાઓ ધરી આ દિવ્યવિધિનાં ભાવથી દર્શન કર્યાં. વાતાવરણની અકલ્પનીય દિવ્યતા સૌનાં હૈયે પ્રભુપ્રાપ્તિના અનુપમ સુખનો અનુભવ સહજ કરાવી રહી હતી. શ્રી ઠાકોરજીના શણગાર અર્થે દ્વારપટલ બંધ થયા અને ભક્તોના અંતરનાં કમાડ ઊઘડે તેવા રૂડા આશીર્વાદ સંતભગવંત સાહેબજીએ આપ્યા. (આ આશીર્વાદ પ્રવચન આ અંકના 'છે માહાત્મ્યસભર વાણી સદા' વિભાગમાં સમાવેલ છે.)


પટલ ઊઘડ્યા અને શ્રી ઠાકોરજીના નૂતન શણગારનાં દિવ્ય દર્શન સૌને થયાં. સૌ કોઈ પ્રભુની મનોહર મૂર્તિમાં ગરકાવ થયાં. સંતોએ છડી પોકારી અને ત્યારબાદ પાટોત્સવની આરતી અર્પણ થઈ. વળી, ૨૧ જાન્યુઆરી – પ.પૂ. સોનાબાની નિર્વાણતિથિ હોવાથી સૌએ પ.પૂ. સોનાબાના સમાધિસ્થાને મંત્ર-પુષ્પાંજલિ રૂપે હૃદયાંજલિ અર્પણ કરી. ત્યારબાદ, પોષીપૂર્ણિમા માહાત્મ્યસભા માટે સૌ વર્ણીકુંજમાં એકત્ર થયાં. આ મહાપર્વે વ્રતધારી સંતો પૂ. દિવ્યેશભાઈ અને પૂ. હિતેશભાઈએ સંતભગવંત સાહેબજી સહિત મંચસ્થ સૌ સંતો અને મહાનુભાવોનાં પૂજન કર્યાં. પૂ. દિલીપભાઈ અને પૂ. ગોવિંદભાઈએ પુષ્પમાળ અર્પણ કરી ભાવવંદન ધર્યાં.


સભાપ્રારંભે પૂ. અશ્વિનદાદાએ અનુપમ આશીર્વાદ આપ્યા. (આશીર્વાદ પ્રવચન આ અંકના 'અનુપમની હે અમૃતધારા' વિભાગમાં સમાવેલ છે.) પૂ. નિર્મળ સ્વામીએ પણ પ્રાસંગિક આશીર્વાદ આપ્યા. પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીએ જણાવ્યું કે, 'ભગવાન ગુણાતીતને સાથે ન લાવ્યા હોત તો પૃથ્વી પર સાધુતા કોને કહેવાય તે જ કોઈને સમજાયું ના હોત. એવા સાધુની દીક્ષાતિથિ એ મહા કલ્યાણકારી દિવસ ! આજે એક જ પ્રાર્થના થાય કે, હે પ્રભુ ! આપના બળે, હરેક પળે, કેવળ આપ રાજી થાવ તેવું જીવન જીવીએ.' ત્યારબાદ પૂ. અધ્યાત્માનંદ સ્વામી અને પૂ. દિનકરભાઈએ આશિષપ્રદાન કરી સૌને કૃતાર્થ કર્યાં. અંતે સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવ્યા અને સૌને ગુણાતીતભાવના દૃઢ કરવા હાકલ કરી. વળી, આવતા વર્ષે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પર નૂતન મંદિરમાં થનાર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવની જાહેરાત કરી સૌને આનંદવિભોર કર્યાં. બ્રહ્મભાવમાં ગુલતાન બની, સદા અક્ષરસુખે સુખિયાં થવાની ભાવના આત્મસાત્ કરી સૌ વિસર્જિત થયાં. ◆



આશીર્દાન : સંતભગવંત સાહેબજી


હૃદયભાવ અર્પણ : પૂ. દિલીપભાઈ-પૂ. ગોવિંદભાઈ



આશીર્વાદ : પૂ. દિનકરભાઈ


પૂ. અશ્વિનભાઈ


પૂ. પ્રેમસ્વરૂપ સ્વામી


પૂ. નિર્મળ સ્વામી


પૂ. અધ્યાત્માનંદ સ્વામી


પૂ. પીટરભાઈ

## અનુપમ મિશન દ્વારા ભારતના ૭૦મા પ્રજાસત્તાક દિનની ઉજવણી

**★ મોગરી :** કેળવણી સાથે બાળકોનાં સર્વાંગી ઘડતર માટે પ્રવૃત્ત અનુપમ મિશન પ્રેરિત યોગી વિદ્યાપીઠ, મોગરીની વિવિધ વિદ્યાશાખાઓ 'ઈન્ફર્મેશન ટૅકનોલૉજી સૅન્ટર', 'અક્ષરપુરુષોત્તમ ટૅક્નિકલ ઈન્સ્ટિટ્યૂટ', 'આનંદ બાલવાડી', 'મિત્ર પુનર્વસન કેન્દ્ર' તથા 'જ્ઞાનયજ્ઞ વિદ્યાલય' દ્વારા ભારતનો ૭૦મો પ્રજાસત્તાક દિન ખૂબ ભવ્યતાથી ઉજવાયો.

આ પ્રસંગે સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંત પૂ. શાંતિભાઈ, ભારતીય સેનાના નૉર્ધન કમાન્ડના પૂર્વ લૅફ્ટનન્ટ જનરલ શ્રી મહેન્દ્ર વાલિયા અને સંતો-મહાનુભાવોની ઉપસ્થિતિમાં સન્માનનીય અતિથિશ્રી અનુપમ મિશન-અમેરિકાના પ્રમુખ ડૉ. વીરેન્દ્રભાઈ પટેલ તથા ઉપપ્રમુખ ડૉ. જિતેન્દ્રભાઈ પટેલે તિરંગાને મુક્ત ગગનમાં લહેરાવ્યો અને સૌએ રાષ્ટ્રગાન સાથે ધ્વજને સલામી આપી.

ડૉ. વીરેન્દ્રભાઈએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું. સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવતાં જણાવ્યું કે, "બાળકો મોટા પુરુષોનાં જીવનચરિત્રો વાંચશો તો જીવનમાં ખૂબ પ્રેરણા મળશે. માતાપિતાને પ્રાર્થના કે, 'બાળક સારું ભણેગણે ને મોટું થાય ત્યાં સુધી કુસંગ-વ્યસન સામે તેનું જતન કરો.' બાળકો ભક્તિમય, ચારિત્ર્યશીલ, શિક્ષિત અને દીક્ષિત થઈ સમાજમાં સુંદર કાર્યો કરે એ માટે પ્રભુ બળ, બુદ્ધિ ને પ્રેરણા આપે એવી પ્રાર્થના !"

આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ, દેશદાઝભર્યું વક્તવ્ય, દેશભક્તિ ગીતગાન, નૃત્યસંયોજન રજૂ કરવામાં આવ્યાં, જે માણી સર્વ આમંત્રિતો અત્યંત પ્રસન્ન થયાં. યોગી વિદ્યાપીઠની વિવિધ વિદ્યાશાખાઓના તેજસ્વી વિદ્યાર્થીઓને તેમજ રાષ્ટ્રિય કક્ષાએ સંસ્થાનું નામ રોશન કરનાર પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સર્વશ્રી સાધુ પૂ. કૌશિકભાઈ (યુ.એસ.એ.), હસુકાકા (યુ.એસ.એ.), બિન્દુબા (યુ.કે.), મંજુબહેન (યુ.એસ.એ.), ઈન્દિરા આન્ટી (દિલ્હી), પ્રવીણભાઈ (યુ.કે.), સનીભાઈ (યુ.એસ.એ.) તથા રીટાબહેન (યુ.એસ.એ.)ના હસ્તે 'ગુરુવર્ય પ.પૂ. જશભાઈસાહેબ સ્મૃતિ પુરસ્કાર', પ્રમાણપત્ર અને વિજયપત્ર એનાયત કરી વિભૂષિત કરવામાં આવ્યા. આ પ્રસંગે પધારેલ આમંત્રિત મહેમાનોને સ્મૃતિચિહ્ન પાઠવી મિત્ર શાળાનાં આચાર્યાશ્રી પ્રતિભાબહેન તથા જ્ઞાનયજ્ઞ વિદ્યાલયનાં આચાર્યાશ્રી રશ્મિકાબહેન દ્વારા અભિવાદન કરવામાં આવ્યાં. ◆

**★ શારદા મંદિર, નડીઆદ :** શારદા મંદિર : અનિતાબહેન દેવાંગભાઈ પટેલ (ઈપ્કોવાળા) ડે સ્કૂલમાં ભારતના ૭૦મા પ્રજાસત્તાકદિનની ઉજવણી સમારંભના મુખ્ય મહેમાન શ્રી ભાસ્કરભાઈ પટેલસાહેબ અને અતિથિવિશેષ શ્રી અશેષભાઈની ઉપસ્થિતિમાં થઈ.


નૃત્યસંયોજનથી કાર્યક્રમની શરૂઆત થઈ. 'વંદેમાતરમ્'નાં ગાન બાદ શ્રી ભાસ્કરભાઈ પટેલના વરદ્ હસ્તે રાષ્ટ્રધ્વજને મુક્ત ગગનમાં લહેરાવવામાં આવ્યો. તેઓએ સુંદર પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. આ પ્રસંગે બાળકો દ્વારા દેશભક્તિ ગીતનાં ગાન, પ્રાસંગિક વક્તવ્ય રજૂ કરાયાં. શાળાકીય રમતોત્સવના વિજેતાઓને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ઇનામ અર્પણ કરાયાં.

પૂજ્ય સરોજબહેને (આચાર્યા, શારદા મંદિર, પ્રાથમિક વિભાગ) મહેમાનોને સ્મૃતિચિહ્ન અર્પણ કર્યાં અને મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી પૂ. સુનીલભાઈ પંડ્યાએ સૌને પ્રજાસત્તાક દિનની શુભેચ્છાઓ પાઠવી.

**★ ઉપાસના ધામ, અમદાવાદ :** અનુપમ મિશનના ઉપાસના ધામ, અમદાવાદમાં ૭૦મા ગણતંત્ર દિવસની ઉજવણી સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાના સાંનિધ્યે સ્થાનિક ભક્તો અને સંતોની ઉપસ્થિતિમાં કરવામાં આવી. આ પ્રસંગે શ્રી શાંતિભાઈ ઝીંઝુવાડિયાએ અતિથિપદ શોભાવ્યું. વ્રતધારી સંત પૂ. ગૌતમભાઈ, પૂ. સતીશભાઈ, શ્રી પંકજભાઈ, ન્યૂઝીલૅન્ડનાં અમિતાબહેન આદિ મહાનુભાવોની ઉપસ્થિતિમાં ભારતના રાષ્ટ્રધ્વજને મુક્ત ગગનમાં લહેરાવાયો. આ પ્રસંગે ઉપસ્થિત બાળકો ગૃહસ્થો અને વડીલોને પૂ. અશ્વિનદાદાએ પ્રેરણાદાયી માર્ગદર્શન તેમજ સંતભગવંત સાહેબજીને ગમે છે તેવી દેશભક્તિ, પ્રભુભક્તિ અને ગુરુભક્તિ




અનુપમ મિશન મોગરીમાં પ્રજાસત્તાક પર્વની ઊજવણી



સંતભગવંત સાહેબજીના આશીર્વાદ

અદા કરવા પ્રોત્સાહન પૂરું પાડી આશીર્વાદ આપ્યા. અતિથિશ્રી શાંતિભાઈએ પ્રાસંગિક ઉદ્બોધન કરી રાષ્ટ્ર પ્રત્યે જવાબદાર રહેવા હાકલ કરી. ચેતનભાઈ વ્યાસે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું. ◆

* **ધારી :** ૨૬મી જાન્યુઆરી ૨૦૧૯ના રોજ ભારતનો ૭૦મો પ્રજાસત્તાકદિન ડૉ. જસાણીસાહેબ તથા પૂ.અરુણભાઈનાં માર્ગદર્શન પ્રમાણે 'શ્રી ભીમાણી પ્રાથમિક શાળા', 'શ્રીમતી વી.પી.જી. ગર્લ્સ હાઈસ્કૂલ' અને 'શ્રી યોગીજી કન્યા મહાવિદ્યાલય'ના સંયુક્ત ઉપક્રમે શ્રીમતી વી.પી.જી. ગર્લ્સ હાઈસ્કૂલના પ્રાંગણમાં ઊજવવામાં આવ્યો.



ધારીમાં ગણતંત્રદિનની ઊજવણી

દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના ઉત્કૃષ્ટ પ્રતિભાસંપન્ન વિદ્યાર્થીઓને 'ગુરુવર્ય પ.પૂ. જશભાઈસાહેબ સ્મૃતિ પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યા. વિદ્યાર્થીઓ દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો. ડૉ. જસાણીસાહેબે પ્રસંગોચિત ઉપયોગી વક્તવ્ય આપ્યું. આ પ્રસંગે અનુપમ મિશન અને શ્રી ધારી તાલુકા કેળવણી મંડળ દ્વારા આયોજિત સાંસ્કૃતિક મહોત્સવમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને અભિનંદન તેમજ પ્રોત્સાહિત ઈનામો આપવામાં આવ્યાં. આ સમગ્ર કાર્યક્રમ સરળ બનાવવા માટે શિક્ષકગણે જહેમત ઉઠાવી હતી. ◆


## ઉપાસના ધામ અમદાવાદનો દ્વિતીય પાટોત્સવ

સંતભગવંત સાહેબજીની દિવ્ય પુનિત ઉપસ્થિતિમાં ઉપાસના ધામ, અમદાવાદના શ્રી ઠાકોરજી મહારાજનો દ્વિતીય પાટોત્સવ ૧ ફેબ્રુઆરીના રોજ ભક્તિભાવથી સંપન્ન થયો. સંતભગવંત સાહેબજી, પૂ. અશ્વિનદાદા અને પૂ. શાંતિદાદા સહિત સંતોએ મૂર્તિઓની પાટોત્સવ વિધિ કરી સૌને ચિરંજીવ સ્મૃતિઓ આપી. આચાર્ય સંતોએ ભાવથી પાટોત્સવ પૂજન વિધિ કરાવી. આ પ્રસંગે પૂ. ભાગવતઋષિજીએ પધારી સૌને ધન્ય કર્યાં.

શ્રી ઠાકોરજીનાં ચરણપ્રક્ષાલન, પાટોત્સવ પૂજન, મંત્રપુષ્પાંજલિ તથા શણગાર અને પાટોત્સવ આરતીનાં દર્શન અનુભવે સૌને ભક્તિ-માહાત્મ્યમાં તરબોળ કરી દીધાં. આ પ્રસંગે પૂ. શાંતિદાદા, પૂ. અશ્વિનદાદા અને પૂ. ભાગવતઋષિજીએ આશીર્વાદ વરસાવ્યા.

પાટોત્સવ પર્વની પૂર્વ સંધ્યાએ પાટોત્સવ નિમિત્તે ૩૧ જાન્યુઆરીના રોજ સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી અમદાવાદ પ્રદેશના અક્ષરમુક્તોએ સુંદર કીર્તન આરાધનાનું આયોજન કર્યું, જેનો સેંકડો હરિભક્તોએ લાભ લીધો. તેમજ પાટોત્સવ પૂજનની સુંદર તૈયારીઓ સૌએ ભેગાં મળીને સંપન્ન કરી. તે સૌ ઉપર સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવ્યા, 'હઠ, માન, ઈર્ષ્યા અને અહંકાર ઓગાળવા માટે સત્પુરુષ સાથે પ્રીતિ અને તેમની આજ્ઞાનું પાલન એ એકમાત્ર ઉપાય છે. ભગવાન અને ભગવાનના ભક્તોના માહાત્મ્યનો સાક્ષાત્કાર થાય તો અંતરમાં સુખ વર્તે. તેના માટે પ્રગટ સંત અનિવાર્ય છે. જે પ્રભુ મૂર્તિ દ્વારે દર્શન દે છે, તે પ્રભુ આવા ગુણાતીત સાધુમાં પ્રગટ છે. તેમની સાથે જીવ જોડી દઈએ.'

સંતોના આશીર્વાદ પામી સૌ ધન્ય થયાં. આખુંય વર્ષ તન, મન, ધન અને આત્માથી સેવા કરવાના સંકલ્પ સાથે સૌ વિસર્જિત થયાં. ◆



શારદા મંદિર, નડિયાદમાં ગણતંત્રદિનની ઊજવણી



પૂ. અશ્વિનદાદાના સાંનિધ્યે ઉપાસનાધામ, અમદાવાદમાં પ્રજાસત્તાક પર્વ



વિશ્વવિખ્યાત ઑસ્ટ્રેલિયન ક્રિકેટર શ્રી ઍલન બૉર્ડરનાં બ્રહ્મજ્યોતિ, મોગરીમાં સ્વાગત



બ્રહ્મજ્યોતિ, મોગરીમાં પૂ. ડૉ. આર. ડી. પટેલસાહેબ શતાબ્દીપર્વે સાહેબજીનાં આશીર્દાન



પ.પૂ. સોનાબા નિર્વાણ સ્મૃતિદિને સમાધિસ્થાને હૃદયાંજલિ અર્પણ



યોગીજી મહારાજ નિર્વાણ સ્મૃતિદિને ભાવસભર મંત્ર-પુષ્પાંજલિ અર્પણ



બ્રહ્મજ્યોતિ પર યોગી સ્મૃતિદિન-વાર્ષિક વિશિષ્ટ કીર્તન આરાધના પ્રસંગે સૂરવૃંદના સંતો-ભક્તોને આશીર્દાન



અમદાવાદ મંદિર પાટોત્સવની પૂર્વસંધ્યાએ યોજિત કીર્તનસંધ્યામાં સાહેબજીનાં આશીર્દાન



અમદાવાદ સ્થિત ઉપાસના ધામ મંદિરના શ્રી ઠાકોરજીની પાટોત્સવ પૂજનવિધિ...



બ્ર.સ્વ. કાકાજી મહારાજ સાક્ષાત્કાર દિને સમાધિસ્થાને પ્રાર્થનાંજલિ અર્પણ

આવો... પધારો... આનંદો... ॥ સ્વામિશ્રીજી ॥ રંગોત્સવે ભક્તિરંગમાં રંગાઓ...!

# નિમંત્રણ





આત્મીય સ્વજનો, હે અક્ષરમુક્તો !

વિક્રમ સંવત ૨૦૭૫ના હોળિકા ઉત્સવે ઈષ્ટરૂપ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની પ્રસન્નતારૂપ

**સાધુતાના કસબના કસબી બ્રહ્મસ્વરૂપ પ્રાગજી મહારાજની**

**૧૯૧મી જન્મજયંતીની પ્રાગટ્યપૂર્ણિમા !**

આ મહાપર્વે માનવસેવામાં પ્રભુની સેવાના ભાવ સાથે સમર્પિત ગણમાન્ય મહાનુભાવોને

સંતભગવંત ગુરુવર્ય પરમ પૂજ્ય સાહેબજીની પ્રેરણા, દર્શન અને આશીર્વાદથી પ્રણીત

**॥ શાલીન માનવરત્ન ॥** સન્માન અર્પણ થશે.

કૃષ્ણ પક્ષની ફૂલદોલી ધુળેટીએ ગુરુદેવ યોગીજી મહારાજના આધ્યાત્મિક ઉત્ક્રાંતિના જ્યોતિર્ધર

**પ્રેમમૂર્તિ, આનંદબ્રહ્મના પ્રગટ સ્વરૂપ**

**સંતભગવંત પરમ પૂજ્ય સાહેબજીની ૮૦મી પ્રાગટ્યવસંતે**

ભક્તિ પર્વણીનો અનન્ય ઉમંગ !

આ દિવ્ય પ્રસંગે અનુપમ મિશનની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર યોજિત ઉત્સવ ત્રિવેણીએ પધારવા આપને સપ્રેમ નિમંત્રણ છે !

***હોળિકા ઉત્સવ :*** **૨૦ માર્ચ ૨૦૧૯, બુધવાર**

સાંજે ૫:૩૦થી : બ્રહ્મસ્વરૂપ ભગતજીમહારાજ પ્રાગટ્યોત્સવ તથા 'શાલીન માનવરત્ન સન્માન' અર્પણ સમારોહ

***ધુળેટી પર્વ :*** **૩૧ માર્ચ ૨૦૧૯, ગુરુવાર**

સવારે ૯:૦૦થી : સંતભગવંત પરમ પૂજ્ય સાહેબજી પ્રાગટ્યોત્સવ

પ્રત્યેક ઉત્સવસભા પછી શ્રી ઠાકોરજી મહારાજનો મહાપ્રસાદ આપણે સૌ સાથે માણીશું.

ઉત્સવતીર્થ Anoopam Mission

**શ્રી સ્વામિનારાયણ સ્પિરિચ્યુઅલ, કલ્ચરલ એન્ડ કોમ્યુનિટી સેન્ટર**

બ્રહ્મજ્યોતિ, યોગીજી માર્ગ, મોગરી-૩૮૮ ૩૪૫


**Regd. News Paper / Air Mail / Book Post**

To,

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2018-20

* Date of Publication : 14th of each Month

* Date of Posting : 15th of each Month * Posted at: Vitthal Udyog Nagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-2-19 * Office of Origin : Vitthal Udyognagar

Editor : Shantibhai F. Patel * Published by : Shantibhai F. Patel on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat

Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008



If Undelivered Please return to :

**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345. Gujarat, India**

**Phone : (02692) 230483, 230544 Fax : (02692) 235660**

**email : amindia@anoopam.org * website: www.anoopam.org**